
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
PRGI No. GUJGUJ/2008/26148
PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD
Volume : 18
Issue : 246
Dt.: 18-05-2026,
Monday
Page : 04
Rs.00.50 paisa

### પાકિસ્તાનને ફરી આપી ચેતવણી

# ભારતે સિંધુ જળ સંધિ પર આંતર રાષ્ટ્રીય કોર્ટના ચુકાદાને ફગાવી દીધો

## ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે આ અદાલત ગેરકાયદેસર રીતે રચવામાં આવી છે અને તેનું કોઈ કાનૂની અસ્તિત્વ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતે સિંધુ જળ સંધિને લઈને હેગ સ્થિત કથિત કોર્ટ ઓફ આર્બિટ્રેશન (CoA) ના તાજેતરના નિર્ણયને સંપૂર્ણપણે ફગાવી દીધો છે. ભારતે સ્પષ્ટપણે કહ્યું છે કે આ અદાલત ગેરકાયદેસર રીતે રચવામાં આવી છે અને તેનું કોઈ કાનૂની અસ્તિત્વ નથી. તેથી તેના કોઈપણ નિર્ણય, આદેશ કે કાર્યવાહીને ભારત માન્યતા આપતું નથી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસવાલે મીડિયાના સવાલોના જવાબમાં જણાવ્યું હતું કે ગેરકાયદેસર રીતે રચાયેલી કથિત કોર્ટ ઓફ આર્બિટ્રેશને ૧૫ મે ૨૦૨૬ ના રોજ સિંધુ જળ સંધિ હેઠળ મહત્તમ જળ સંગ્રહ ક્ષમતા (Maximum Pondage) ને લગતા મામલામાં એક કથિત નિર્ણય જાહેર કર્યો છે.

તેમણે કહ્યું કે ભારત આ કથિત નિર્ણયને સંપૂર્ણપણે નકારે છે, જેમ અગાઉ આપવામાં આવેલા તમામ નિર્ણયોને ફગાવી દેવામાં આવ્યા હતા. ભારતે ક્યારેય આ અદાલતની રચનાને માન્યતા આપી નથી. આવી સ્થિતિમાં આ અદાલતની કોઈપણ કાર્યવાહી, નિર્ણય કે આદેશનું કોઈ કાનૂની મહત્વ નથી અને તે સંપૂર્ણપણે 'નલ એન્ડ વોઈડ' એટલે કે શૂન્ય અને અમાન્ય છે. વિદેશ મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે સિંધુ જળ સંધિને સ્થગિત રાખવાનો ભારતનો નિર્ણય હજુ પણ અમલમાં છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૯ સપ્ટેમ્બર ૧૯૬૦ ના રોજ સિંધુ નદી પ્રણાલીના જળ ઉપયોગને લઈને આ સંધિ થઈ હતી. ભારતે ગયા વર્ષે પહલગામ આતંકી હુમલા બાદ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ પોતાના સાર્વભૌમ અધિકારોનો ઉપયોગ કરીને આ સંધિને સ્થગિત કરી દીધી હતી. ભારતનું કહેવું હતું કે જ્યાં સુધી પાકિસ્તાન સીમા પારના આતંકવાદને વિશ્વસનીય અને સ્થાયી રૂપે સમર્થન આપવાનું બંધ નહીં કરે, ત્યાં સુધી સંધિ સ્થગિત રહેશે.

વિદેશ મંત્રાલયે જૂન ૨૦૨૫ માં પણ સ્પષ્ટપણે કહ્યું હતું કે જ્યાં સુધી સંધિ સ્થગિત છે, ત્યાં સુધી ભારત આ કરાર હેઠળના કોઈપણ દાયિત્વને નિભાવવા માટે બંધાયેલું નથી. ભારતે કહ્યું કે કોઈ પણ કોર્ટ ઓફ આર્બિટ્રેશન, ખાસ કરીને આવી ગેરકાયદેસર રીતે રચાયેલી સંસ્થા, ભારતના સાર્વભૌમ અધિકારો હેઠળ લેવાયેલા પગલાંની કાયદેસરતા પર સવાલ ઉઠાવી શકે નહીં.

ગયા વર્ષે પણ વિદેશ મંત્રાલયે કથિત કોર્ટ ઓફ આર્બિટ્રેશનની ટીકા કરી હતી, જ્યારે તેણે જમ્મુ-કાશ્મીરમાં કિશનગંગા અને રતલે જલવિદ્યુત પરિયોજનાઓને લઈને પોતાના અધિકાર ક્ષેત્ર પર "સપ્લીમેન્ટલ એવોર્ડ" જાહેર કર્યો હતો. ભારતે તે સમયે પણ કહ્યું હતું કે તેણે ક્યારેય આ કથિત અદાલતના કાનૂની અસ્તિત્વને સ્વીકાર્યું નથી. ભારત મુજબ, આ મધ્યસ્થતા સંસ્થાની રચના જ સિંધુ જળ સંધિનું ગંભીર ઉલ્લંઘન છે અને તેના હેઠળ કરવામાં આવેલી તમામ કાર્યવાહીઓ અને નિર્ણયો ગેરકાયદેસર છે.

ભારતે પાકિસ્તાન પર આંતરરાષ્ટ્રીય મંચોનો દુરુપયોગ કરવાનો આરોપ પણ લગાવ્યો છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે પાકિસ્તાન દ્વારા આ "બનાવટી મધ્યસ્થતા પ્રક્રિયા" નો સહારો લેવો એ તેની લાંબા સમયથી ચાલી આવતી છેતરપિંડી અને આંતરરાષ્ટ્રીય મંચોના દુરુપયોગની નીતિનો એક ભાગ છે.

ભારતે એમ પણ કહ્યું કે પાકિસ્તાન આવા પગલાં દ્વારા આતંકવાદના વૈશ્વિક કેન્દ્ર તરીકેની પોતાની જવાબદારીમાંથી બચવાનો પ્રયાસ કરી રહ્યું છે.

### માંડ-માંડ બચ્યા ૬૮ મુસાફરોના જીવ

# ત્રિવેન્દ્રમ-દિલ્હી રાજધાનીના AC કોચમાં લાગી ભીષણ આગ લાગતા મચી અફરાતફરી

## દિલ્હી-નિઝામુદીન તરફ જઈ રહેલી ત્રિવેન્દ્રમ-હઝરત નિઝામુદીન રાજધાની એક્સપ્રેસના B1 કોચમાં આગ ભભૂકી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આજે વહેલી સવારે ત્રિવેન્દ્રમ-હઝરત નિઝામુદીન રાજધાની એક્સપ્રેસ (૧૨૪૩૧)ના બે કોચમાં ભીષણ આગ લાગતા ટ્રેનમાં સવાર મુસાફરોમાં અફરાતફરી મચી ગઈ હતી. આ દુર્ઘટના મધ્ય પ્રદેશના રતલામથી આશરે ૧૧૦ કિલોમીટર દૂર સર્જાઈ હતી. મળતી માહિતી મુજબ, દિલ્હી-નિઝામુદીન તરફ જઈ રહેલી ત્રિવેન્દ્રમ-હઝરત નિઝામુદીન રાજધાની એક્સપ્રેસ (૧૨૪૩૧)ના B1 કોચમાં રવિવારે સવારે લગભગ ૫.૩૦ વાગ્યે લૂણી-વિક્રમગઢની વચ્ચે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. જેના કારણે દિલ્હી-મુંબઈ રેલમાર્ગ પર ટ્રાફિક અસરગ્રસ્ત થયો છે.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, ટ્રેનમાં અચાનક ધુમાડો દેખાયો અને થોડી જ વારમાં આગે વિકરાર સ્વરૂપ ધારણ કર્યુ હતું. જોત જોતામાં થર્ડ એસી અને જીન્ઈ કોચ આગની ઝપેટમાં આવી ગયો હતો. આના કારણે દૂર-દૂર સુધી ધુમાડો અને જ્વાળા દેખાઈ રહી હતી, જેના કારણે ટ્રેન અને આસપાસના વિસ્તારમાં પણ હડકંપ મચી ગયો હતો. આ દુર્ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક રેસ્ક્યૂ ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. B1 કોચમાં ૬૮ મુસાફરો હતા. માત્ર થોડી સેકન્ડમાં આગ આખા કોચમાં ફેલાઈ ગઈ હતી. જે બાદ ગાર્ડે તરત જ લોકોપાયલટને જાણ કરી અને ટ્રેન ઉભી રાખી દેવામાં આવી હતી અને મુસાફરોને બહાર કાઢવામાં આવ્યા હતા. RPF સ્ટાફ અને અન્ય કર્મચારીઓએ ૧૫ મિનિટમાં આખો કોચ ખાલી કરાવ્યો હતો અને ટ્રેનનું વીજ કનેક્શન પણ તરત જ કાપી દેવામાં આવ્યું હતું. હાલ દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેક પર ટ્રાફિક રોકી દેવામાં આવ્યો છે. રેલવેના સિનિયર અધિકારીઓ અને ટેકનિકલ સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ગયા છે.કોટા રેલમંડળના સિનિયર DCM સૌરભ જૈને જણાવ્યું કે, ટ્રેન નંબર ૧૨૪૩૧ ત્રિવેન્દ્રમ-હઝરત નિઝામુદીન રાજધાની એક્સપ્રેસના બે કોચમાં આગ લાગી હતી. તમામ મુસાફરોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે. કોઈ જાનહાનિ થઈ નથી. આગના કારણોની તપાસ ચાલી રહી છે. આગ લાગ્યા બાદ મુસાફરોમાં ભયનો માહોલ સર્જાયો હતો. ટ્રેન ઉભી રહેતા લોકો પોતાનો સામાન લઈને નીચે ઉતરી ગયા હતા. સુરક્ષા માટે તરત જ ઓવરહેડ વીજ સપ્લાય બંધ કરી દેવામાં આવી હતી, જેના કારણે ટ્રેનોનું સંચાલન થોડા સમય માટે અટકાવાયું. તેઓએ વધુમાં જણાવ્યું કે, આ ઘટનાને પગલે લગભગ ૬ ટ્રેનો અસરગ્રસ્ત થઈ છે. રેલવે, સિવિલ એડમિનિસ્ટ્રેશન અને ફાયર બ્રિગેડની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધર્યું. વધુ માહિતી માટે મુસાફરોને હેલ્પલાઈન નંબર ૧૩૯ પર સંપર્ક કરવા જણાવાયું છે. થોડા સમય બાદ ટ્રેનને ફરી રવાના કરવાની તૈયારી ચાલી રહી છે.રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે, પરંતુ સાચું કારણ તપાસ બાદ જ બહાર આવશે. રેલવે દ્વારા સમગ્ર ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસના આદેશ આપવામાં આવ્યા છે. SLR કોચમાં રહેલા સામાનના નુકસાનનું પણ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. આ ઘટનાને કારણે મુંબઈ સેન્ટ્રલ-જયપુર સુપરફાસ્ટ એક્સપ્રેસ (૧૨૯૫૫)ને મહિદપુર રોડ સ્ટેશન પર રોકવામાં આવી છે. ટૂંક સમયમાં ટ્રેક પર ટ્રાફિક ફરી શરૂ કરવામાં આવશે. B1 કોચના મુસાફરો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે અને આગળની મુસાફરી માટે અન્ય કોચમાં બેસાડી કોટા સુધી લઈ જવામાં આવશે. કોટે એક વધારાનો કોચ જોડાશે, જેમાં આ મુસાફરોને શિફ્ટ કરવામાં આવશે.

### ચીન-અમેરિકાને તાઈવાનનો સણસણતો જવાબ

# અમે ગુલામ નથી, અમારું ભવિષ્ય અમે નક્કી કરીશું

## તાઈવાનના રાષ્ટ્રપ્રમુખ લાઈ ચિંગે સ્પષ્ટ કહ્યું છે કે, 'તાઈવાન બીજિંગને આધીન નથી, અમારો દેશ ચીનનો ભાગ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)તાઈવાન

ચીન તાઈવાન પર વારંવાર દાદાગીરી કરતું રહે છે. એટલું જ નહીં તાજેતરમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનના પ્રવાસેથી પરત ફર્યા બાદ તાઈવાન પર આડકતરું નિશાન સાધી ધમકી આપી હતી, ત્યારે હવે તાઈવેનને ચીનની જોહુકમી અને ટ્રમ્પની ધમકીનો સણસણતો જવાબ આપ્યો છે. તાઈવાનના રાષ્ટ્રપ્રમુખ લાઈ ચિંગે સ્પષ્ટ કહ્યું છે કે, 'તાઈવાન બીજિંગને આધીન નથી. તાઈવાનના આઝાદીનો સીધો અર્થ એ છે કે, અમારો દેશ ચીનનો ભાગ નથી અને અમે તેના હાથ નીચે કામ પણ કરતા નથી. માત્ર તાઈવાનના લોકો જ તાઈવાનનું ભવિષ્ય નક્કી કરશે, બહારના દેશને અમારા દેશમાં દખલ કરવાનો કોઈ અધિકાર નથી.'

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તાજેતરમાં જ ચીનની મુલાકાતે ગયા હતા. અહીં તેમણે ચીનના રાષ્ટ્રપ્રમુખ શી જિનપિંગ સાથે પણ મુલાકાત કરી હતી. સમાચાર એજન્સી રૉયટર્સના રિપોર્ટ મુજબ, ટ્રમ્પ-જિનપિંગની બેઠક બાદ તાઈવાન પ્રત્યે ટ્રમ્પનું વલણ બદલાઈ રહ્યું હોવાની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આનું એક કારણ ટ્રમ્પનું નિવેદન પણ છે. ટ્રમ્પે ચીનની મુલાકાત કર્યા બાદ કહ્યું હતું કે, અમેરિકા એવી સ્થિતિ નથી ઈચ્છું કે, કોઈ દેશ માત્ર અમેરિકાના સમર્થનના ભરોસે આઝાદી મેળવવાની વાત કરવા લાગે. લાઈ ચિંગે એવું પણ કહ્યું છે કે, તાઈવાનનું સાર્વભૌમત્વ કોઈ ઉલ્લંઘન પણ ન કરી શકે અને કોઈ દેશ બળજબરીથી અમારા દેશને પોતાના દેશમાં ભેળવી પણ ન શકે. ભલે ગમે તે થાય, તાઈવાનના લોકો પોતાની આઝાદી સાથે ક્યારે સમજૂતી નહીં કરે. આમ રાષ્ટ્રપ્રમુખ ચિંગે ચીનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, તાઈવાન ચીનનો હિસ્સો નથી, બંને દેશો એકબીજા પર આધીન પણ નથી, બંનેની પોત-પોતાની જુદા જુદી વ્યવસ્થા છે. ઉલ્લેખનીય છે કે, ચીનની ત્રણ દિવસની હાઈ-પ્રોફાઈલ મુલાકાત પૂરી કરીને એરફોર્સ વન વિમાનમાં પરત ફરી રહેલા ટ્રમ્પે પત્રકારો સમક્ષ જે વાતો કહી, તેનાથી આંતરરાષ્ટ્રીય સ્તરે ખળભળાટ મચી ગયો છે. અત્યાર સુધી તાઈવાનની સુરક્ષાના સોગંદ ખાતા ટ્રમ્પ હવે આ મુદ્દે આંખ આડા કાન કરતા જોવા મળ્યા છે. ટ્રમ્પ પ્રશાસને અગાઉ તાઈવાનને હથિયારો વેચવાની મંજૂરી આપી હતી, પરંતુ ચીનથી પરત ફરતા જ ટ્રમ્પે તેના પર બ્રેક લગાવી દીધી છે. પત્રકારોના સવાલ પર તેમણે કહ્યું કે, "મેં હજુ હથિયારોના વેચાણ પર કોઈ અંતિમ નિર્ણય લીધો નથી, હું આ બાબતે થોડું વિચારીશ." એટલું જ નહીં, તેમણે સ્પષ્ટ સંકેત આપતા કહ્યું કે અમેરિકાને પોતાના ઘરથી ૯,૫૦૦ માઈલ દૂર કોઈ નવા યુદ્ધમાં કૂદવાની જરૂર નથી. ચીન આ સોદાનો શરૂઆતથી જ વિરોધ કરી રહ્યું હતું અને જિનપિંગે ટ્રમ્પને ચેતવણી આપી હતી કે તાઈવાન મામલે કોઈપણ ખોટું પગલું બંને દેશોના સંબંધો હંમેશા માટે બગાડી શકે છે.

# કેટલો ખતરનાક છે ઈબોલા વાયરસ, જેનાથી કોંગોમાં ૮૦ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કોંગો

આફ્રિકન દેશ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગોમાં ફેલાયેલા ઈબોલા વાયરસે ફરી એકવાર વૈશ્વિક ચિંતા વધારી છે.

કેસોની સતત વધતી સંખ્યા અને ૮૦થી વધુ મૃત્યુ બાદ, વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ તેને વૈશ્વિક આરોગ્ય ઈમરજન્સી જાહેર કરી છે. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે કારણ કે ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો છે અને ઘણા વિસ્તારોમાં પરિસ્થિતિ નિયંત્રણ બહાર જઈ રહી હોય તેવું લાગે છે.

ઈબોલા એક અત્યંત ખતરનાક અને ઘાતક વાયરસ છે, જે મનુષ્યો અને પ્રાણીઓ બંનેને ચેપ લગાવી શકે છે. આ રોગ સૌપ્રથમ ૧૯૭૬માં દેખાયો હતો, અને ત્યારથી, તે દર વર્ષે અસંખ્ય મૃત્યુનું કારણ બને છે.

ઈબોલા વાયરસ શું કરે છે? : શરીરમાં પ્રવેશતા, ઈબોલા વાયરસ રોગપ્રતિકારક શક્તિને ગંભીર રીતે નબળી પાડે છે, અને ઘણા કિસ્સાઓમાં, આંતરિક રક્તસ્રાવ થાય છે. આનાથી મનુષ્યોને નોંધપાત્ર તકલીફ થાય છે. WHO એ પણ આ વાયરસ અંગે ચિંતા વ્યક્ત કરી છે. WHOના મતે, ઈબોલાથી સંક્રમિત વ્યક્તિઓ માટે મૃત્યુ દર ક્યારેક ૫૦ ટકાથી વધીને ૯૦ ટકા થઈ ગયો છે. આ ચિંતાનો વિષય છે.

### વિશ્વ બાંગ્લા લોગોની જગ્યાએ હવે અશોક સ્તંભ

# મમતા સરકારની ઓળખ જ શુભેન્દુ અધિકારીએ ભૂંસી કાઢી

## ભારતના રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભને રાજ્યની મુખ્ય સરકારી ઓળખ તરીકે સ્થાપિત કરવામાં આવી રહ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં સત્તા પરિવર્તન થયા બાદ મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીના નેતૃત્વ હેઠળની નવી ભાજપ સરકારે રાજ્યની વહીવટી અને રાજકીય ઓળખ બદલવાની પ્રક્રિયા અત્યંત ઝડપી બનાવી દીધી છે. તૃણમૂલ કોંગ્રેસ (TMC) અને મમતા બેનરજી શાસનની ઓળખ ગણાતા બિસ્વ બાંગ્લા (વિશ્વ બાંગ્લા) લોગોને હવે તમામ સત્તાવાર પ્લેટફોર્મ અને જાહેર માળખા પરથી તબક્કાવાર દૂર કરવામાં આવી રહ્યો છે. તેના સ્થાને હવે ભારતના રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભને રાજ્યની મુખ્ય સરકારી ઓળખ તરીકે સ્થાપિત કરવામાં આવી રહ્યો છે. અહેવાલો અનુસાર, આ મોટા રિબ્રાન્ડિંગની સૌથી પહેલી અને મોટી અસર કોલકાતાના પ્રતિષ્ઠિત સોલ્ટ લેક સ્ટેડિયમમાં જોવા મળી હતી, જ્યાંથી બિસ્વ બાંગ્લાનું ચિહ્ન હટાવીને રાષ્ટ્રીય પ્રતીક મૂકી દેવાયું છે. રાજ્ય સરકારના સત્તાવાર મુખ્ય વેબ પોર્ટલ એગીયે બાંગ્લાનો લુક હવે સંપૂર્ણપણે બદલી નાખવામાં આવ્યો છે. અગાઉ આ પોર્ટલ પર મમતા સરકારની ઓળખ ગણાતી સફેદ અને વાદળી કલરની થીમ હતી, જેને હવે કેસરી રંગથી બદલી દેવામાં આવી છે. હવે પોર્ટલ પર વ્હાઈટ બેકગ્રાઉન્ડ સાથે રાષ્ટ્રીય પ્રતીક અશોક સ્તંભ અને મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીનો ફોટો મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રવાસન, ઉદ્યોગ અને કૃષિ જેવા તમામ સરકારી વિભાગોના ડિજિટલ ચિહ્નોને પણ કેસરી ગ્રાફિક્સ સાથે ફરીથી ડિઝાઈન કરવામાં આવ્યા છે.આ બ્રાન્ડ અને લોગો ૧૬ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ તત્કાલીન મમતા બેનરજી સરકાર દ્વારા લોન્ચ કરવામાં આવ્યા હતા. તેને બંગાળની સાંસ્કૃતિક ઓળખ, હસ્તકલા અને પર્યટનના પ્રતીક તરીકે રજૂ કરાયા હતા. બંગાળી અક્ષર "B" (બ) ની આસપાસ ડિઝાઈન કરાયેલો આ લોગો છેલ્લા ૧૩ વર્ષથી રાજ્યના દરેક સરકારી પ્રોજેક્ટ, વેબસાઈટ અને ઈમારતો પર ફરજિયાત દર્શાવવામાં આવતો હતો.

અગાઉ ભાજપના નેતા મુકુલ રોયે આરોપ લગાવ્યો હતો કે આ લોગો વ્યક્તિગત માલિકીનો છે. જોકે તે સમયે મુખ્યમંત્રી મમતા બેનરજીએ સ્પષ્ટતા કરી હતી કે આ લોગો તેમણે પોતે ડિઝાઈન કર્યો છે અને રાજ્ય સરકારને કોઈપણ રોયલ્ટી લીધા વિના વાપરવા આપ્યો છે.

સરકારના આ નિર્ણયનો બચાવ કરતા ભાજપના વરિષ્ઠ નેતાઓએ દલીલ કરી છે કે કોઈ વ્યક્તિ વિશેષ દ્વારા ડિઝાઈન કરાયેલો લોગો ક્યારેય પણ લોકશાહીમાં રાજ્ય સરકારની પ્રાથમિક ઓળખ ન હોવો જોઈએ. સત્તાવાર સરકારી કાર્યો અને દસ્તાવેજો માટે બંધારણીય રીતે સ્વીકૃત અશોક સ્તંભ જ સૌથી સર્વોચ્ચ અને યોગ્ય પ્રતીક છે. નવી સરકારના શપથ ગ્રહણ બાદથી જ સરકારી પ્રણાલીઓ, બસો અને કચેરીઓમાંથી આ લોગો ગાયબ થવા લાગ્યો છે. રાજકીય વિશ્લેષકોના મતે, આ ફેરફાર માત્ર પ્રતીકાત્મક નથી પરંતુ પશ્ચિમ બંગાળના વહીવટી તંત્રમાં એક મોટા વૈચારિક અને રાજકીય પરિવર્તનનો સંકેત આપે છે.






## તંત્રી લેખ......

### પ્રધાનમંત્રીની ચેતવણી

પાંચ દેશોના પ્રવાસના ભાગ રૂપે સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત લીધા પછી નેધરલેન્ડ પહોંચેલા પ્રધાનમંત્રી મોદીએ ત્યાં ભારતીય સમુદાયને સંબોધનમાં યોગ્ય રીતે કહ્યું હતું કે જો વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ ઝડપથી સુધરશે નહીં, તો વિશ્વની મોટી વસ્તી ફરીથી ગરીબીમાં ફસાઈ જશે. આ ચેતવણી આપતાં, તેમણે અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધ અને તેના પરિણામે હોર્મુઝ સમુદ્રના અવરોધને કારણે ઉદ્ભવેલા સંકટનો ઉલ્લેખ કર્યો. તેમનું કહેવું સાચું છે કે આ દાયકા એક આપત્તિ જેવું લાગે છે, કારણ કે પહેલા કોવિડ રોગચાળાએ વિશ્વને આર્થિક સંકટમાં ધકેલી દીધું, પછી રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું.

આ પછી, ઈઝરાયલ, અમેરિકા અને ઈરાન વચ્ચે લશ્કરી મુકાબલો શરૂ થયો. પરિણામે, હોર્મુઝ સમુદ્ર દ્વારા ખાડી દેશોમાંથી ઉર્જા પુરવઠો ભારે ખોરવાઈ ગયો. આ વિક્ષેપ આજે પણ યથાવત છે. પરિણામે, સમગ્ર વિશ્વ ઉર્જા સંકટનો સામનો કરી રહ્યું છે. તેલ અને ગેસ પુરવઠાની અછતને કારણે, લગભગ તમામ દેશોએ પેટ્રોલિયમના ભાવમાં વધારો કરવો પડ્યો છે. ભારતે પણ તાજેતરમાં તેમના ભાવમાં વધારો કર્યો છે. એવી શક્યતા છે કે આગામી દિવસોમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવમાં ફરી વધારો કરવો પડે. પેટ્રોલિયમના વધતા ભાવ સમગ્ર અર્થતંત્રને અસર કરે છે અને ફુગાવામાં વધારો કરે છે. ગરીબો આનાથી સૌથી વધુ પ્રભાવિત થાય છે.

છેલ્લા કેટલાક વર્ષોમાં જ્યારે ભારત લાખો લોકોને ગરીબીમાંથી બહાર કાઢવામાં સફળ રહ્યું છે, ત્યારે આ બાબતથી વધુ ચિંતાજનક કંઈ હોઈ શકે નહીં કે તેમાંથી ઘણા લોકો ફરીથી ગરીબીમાં ફસાઈ જવાના ભયનો સામનો કરી રહ્યા છે. આ ભય ફક્ત ભારતીયો જ નહીં પરંતુ અન્ય વિકાસશીલ અને ગરીબ દેશોના લોકો પણ અનુભવી રહ્યા છે. યુદ્ધો માત્ર ઉર્જા પુરવઠાને અસર કરતા નથી પરંતુ પુરવઠા શૃંખલાઓને પણ નકારાત્મક અસર કરે છે, જેના કારણે ફુગાવો વધે છે. વિશ્વની મોટી વસ્તી સામે કટોકટી વધતી જાય છે તેમ છતાં, શક્તિશાળી રાષ્ટ્રો જવાબદારીપૂર્વક કાર્ય કરશે અને સંઘર્ષ અને તણાવને સક્રિય રીતે ઘટાડશે કે કેમ તે શંકાસ્પદ છે. એ વાતને અવગણી શકાય નહીં કે તાજેતરના સમયમાં યુનાઈટેડ સ્ટેટ્સે તેની ટેરિફ નીતિઓથી ઘણા દેશોને હેરાન કર્યા છે. હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે તેણે પરિણામોની પરવા કર્યા વિના ઈઝરાયલ સાથે મળીને ઈરાન પર હુમલો કર્યો છે. વિશ્વમાં સ્થિરતા અને શાંતિ પરત આવવાની કોઈ ખાતરી ન હોવાથી, ભારત સરકારે એવી નીતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે જે ખરેખર આર્થિક રીતે નબળા લોકોને સશક્ત બનાવી શકે. કલ્યાણકારી નીતિઓ મત માટે નહીં પરંતુ ખરેખર ગરીબ વર્ગોને સશક્ત બનાવવા માટે લાગુ કરવી જોઈએ.

# બહુપક્ષીયવાદનું સંકટ અને WTO સુધારાની જરૂરિયાત


શ્રી રાજેશ અગ્રવાલ
સચિવ, વાણિજ્ય વિભાગ

બહુપક્ષીય વેપાર વ્યવસ્થા કાયદેસરતાના ગંભીર સંકટનો સામનો કરી રહી છે. વીસમી સદીના અંતમાં અને એકવીસમી સદીની શરૂઆતમાં, વિશ્વ વેપાર સંગઠન (WTO) વૈશ્વિક વેપારનો એક કેન્દ્રિય આધારસ્તંભ હતો, જે તટસ્થતા, આગાહી અને ન્યાયીપણાનું વચન આપતું નિયમ-આધારિત વ્યવસ્થા પ્રદાન કરતું હતું. જોકે, આજે આ વચનો નોંધપાત્ર રીતે નબળા પડેલા દેખાય છે. WTOમાં વિશ્વાસ ગુમાવવો એ કોઈ એક નિષ્ફળતાનું પરિણામ નથી, પરંતુ તે માળખાકીય અસંતુલન, અસમાન અમલીકરણ અને વૈશ્વિક આર્થિક શક્તિના બદલાતા સ્વભાવની સંચિત અસરને પ્રતિબિંબિત કરે છે.

આ કટોકટીના મૂળમાં વૈશ્વિક ઉત્પાદનનું અતિશય કેન્દ્રીકરણ અને આક્રમક વેપાર પ્રથાઓનું સતત અસ્તિત્વ છે. સમય જતાં, પુરવઠા શૃંખલાઓ ખૂબ જ પરસ્પર નિર્ભર અને અસમાન રીતે વિતરિત થઈ ગઈ છે, જેમાં કેટલીક મુખ્ય અર્થવ્યવસ્થાઓ મુખ્ય ક્ષેત્રો પર અપ્રમાણસર નિયંત્રણનો ઉપયોગ કરી રહી છે. જ્યારે આ કેન્દ્રીકરણે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓને કેટલીક બાબતોમાં વધુ કાર્યક્ષમ બનાવી છે, ત્યારે તેણે તેમને નોંધપાત્ર રીતે સંવેદનશીલ પણ બનાવી દીધા છે. વિક્ષેપો - ભલે તે ભૂરાજકીય હોય, આર્થિક હોય કે પર્યાવરણીય - હવે પ્રણાલીગત પરિણામો ધરાવે છે. પરિણામે, પુરવઠા શૃંખલાની નબળાઈને હવે ફક્ત આર્થિક ચિંતા તરીકે જોવામાં આવતી નથી; તેને હવે રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક અસ્તિત્વના વિષય તરીકે જોવામાં આવે છે. આ દ્રષ્ટિકોણમાં પરિવર્તનને કારણે બહુપક્ષીયતાના મૂળભૂત સિદ્ધાંતોને પડકારતી નીતિગત પ્રતિક્રિયાઓનો પ્રવાહ ઉભો થયો છે. દેશો સ્થાનિક હિતોનું રક્ષણ કરવા માટે સંરક્ષણવાદી પગલાં, આક્રમક ઔદ્યોગિક નીતિઓ અને નિકાસ નિયંત્રણો અપનાવી રહ્યા છે. જ્યારે આવી વ્યૂહરચનાઓ ટૂંકા ગાળાની સ્થિતિસ્થાપકતા લાવી શકે છે, તે ઘણીવાર WTOની સહકારની ભાવના અને કાનૂની માળખાને નબળી પાડે છે. તકનીકી અવરોધો, મહત્વપૂર્ણ પુરવઠા શૃંખલાઓનું નિયંત્રણ અને ભૂ-રાજકીય પ્રભાવ માટેના સાધન તરીકે બજાર ઍક્સેસનો વધતો ઉપયોગ એક વ્યાપક પરિવર્તનનો સંકેત આપે છે: વેપાર હવે ફક્ત આર્થિક વ્યવહારો વિશે નથી, પરંતુ વ્યૂહાત્મક શક્તિ વિશે છે. WTO સભ્યોમાં એક વ્યાપક અભિપ્રાય એ છે કે સંસ્થા મુખ્ય અર્થતંત્રોને તેમની પ્રતિબદ્ધતાઓ પ્રત્યે જવાબદાર બનાવવામાં અસમર્થ રહી છે, અને આનાથી વર્તમાન પરિસ્થિતિમાં નોંધપાત્ર ફાળો મળ્યો છે. જ્યારે નિયમો અસમાન રીતે લાગુ કરવામાં આવે છે અથવા અમલીકરણ પદ્ધતિઓ નિષ્ફળ જાય છે, ત્યારે સિસ્ટમમાં વિશ્વાસ નબળો પડે છે. ઘણા દેશોમાં, ખાસ કરીને ગ્લોબલ સાઉથના દેશોમાં, એવી ધારણા વધી છે કે WTO હવે નિષ્પક્ષ મધ્યસ્થી તરીકે કામ કરતું નથી. તેના બદલે, તેને ઝડપથી બદલાતી વૈશ્વિક અર્થવ્યવસ્થાની વાસ્તવિકતાઓ સાથે અનુકૂલન સાધવા માટે સંઘર્ષ કરતી સંસ્થા તરીકે જોવામાં આવે છે. આ સંદર્ભમાં, સુધારા પ્રયાસોનો મુખ્ય ઉદ્દેશ WTOની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવાનો બની ગયો છે. WTO સુધારાની જરૂરિયાત પર સભ્યોમાં વ્યાપક સર્વસંમતિ હોવા છતાં, તેને કેવી રીતે પ્રાપ્ત કરવી તે અંગે સંમતિ હજુ પણ અધૂરી છે. સુધારાના માળખા અને સામગ્રી પર ચર્ચાઓ વધુને વધુ વિવાદાસ્પદ બની રહી છે. યાઓંડેના મંત્રી પરિષદમાં સભ્યોએ WTOના મૂળભૂત સિદ્ધાંતો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી, જેમાં નિષ્પક્ષતા, પારદર્શિતા, સમાવેશકતા અને સર્વસંમતિ-આધારિત નિર્ણય લેવાનો સમાવેશ થાય છે. આ સિદ્ધાંતો લાંબા સમયથી WTOને અન્ય આંતરરાષ્ટ્રીય સંસ્થાઓથી અલગ પાડે છે, ખાતરી કરે છે કે બધા સભ્યો, તેમના કદ અથવા આર્થિક શક્તિને ધ્યાનમાં લીધા વિના, વૈશ્વિક વેપાર નિયમોને અંતિમ સ્વરૂપ આપવામાં ભાગ ભજવે છે. જો કે, આ સિદ્ધાંતોના ખાસ કરીને બહુપક્ષીય કરારો સાથે સંકળાયેલી ચર્ચાઓમાં વ્યવહારિક ઉપયોગને પડકારોનો સામનો કરવો પડ્યો છે. આ કરારો WTO સભ્યોના પેટાજૂથો વચ્ચે વાટાઘાટો કરવામાં આવે છે.ઘણા દેશો - ખાસ કરીને ગ્લોબલ નોર્થમાં - તેમને સર્વસંમતિ-આધારિત નિયમનિર્માણના પડકારોના વ્યવહારુ ઉકેલો તરીકે જુએ છે. વિકાસ સ્તરો અને રાષ્ટ્રીય પ્રાથમિકતાઓમાં વ્યાપક અસમાનતાઓ સાથે સભ્યપદ માટે, જટિલ મુદ્દાઓ પર સર્વસંમતિ પ્રાપ્ત કરવી વધુને વધુ મુશ્કેલ બની રહી છે. બહુપક્ષીય કરારો આગળ વધવાનો માર્ગ પ્રદાન કરે છે, જે તૈયાર સહભાગીઓને પ્રતિબદ્ધતા માટે તૈયાર ન હોય તેવા દેશો દ્વારા અવરોધ વિના નવા નિયમો સ્થાપિત કરવાની મંજૂરી આપે છે. 1947 GATT (જકાત અને વેપાર પર સામાન્ય કરાર) હેઠળ WTO પહેલાં સમાન સિસ્ટમ અસ્તિત્વમાં હતી.

આ મુદ્દા પર ભારતનું વલણ કાળજીપૂર્વક રચાયેલ સંતુલન કાર્યને પ્રતિબિંબિત કરે છે. નિયમ-નિર્માણને આગળ વધારવા માટે બહુપક્ષીય કરારોની સંભાવનાને સ્વીકારતી વખતે, ભારતે સતત મજબૂત સુરક્ષા પગલાં લેવાની હાકલ કરી છે જેથી ખાતરી કરી શકાય કે આવા કરારો બહુપક્ષીય પ્રણાલીને નબળી ન પાડે. બહુપક્ષીય કરારોએ WTOના મુખ્ય સિદ્ધાંતોને અવગણવા જોઈએ નહીં, હાલના આદેશને નબળા પાડવો જોઈએ નહીં અથવા બિન-ભાગીદાર સભ્યો માટે હાનિકારક ન હોવા જોઈએ. તેઓએ બહુપક્ષીય માળખાને બદલવાને બદલે પૂરક બનાવવું જોઈએ. ભારત બહુપક્ષીય કરારોને એક એડહોક, કરાર-દર-કરાર મોડેલને બદલે WTO માળખામાં એકીકૃત કરવા માટે એક વ્યાપક અને વ્યવસ્થિત અભિગમને સમર્થન આપે છે.

સુધારા ચર્ચામાં બીજો મુખ્ય મુદ્દો સંગઠન દ્વારા તેના અગાઉના આદેશોને પૂર્ણ કરવામાં નિષ્ફળતા સાથે સંબંધિત છે. આ ઘણા વિકાસશીલ દેશો માટે અસંતોષનું મુખ્ય કારણ રહ્યું છે. આ અપૂર્ણ પ્રતિબદ્ધતાઓ - જેમાં કૃષિ, વિકાસ અને વિશેષ સારવારની જોગવાઈઓ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે - માત્ર નિયમ-નિર્માણની ખામીઓને પ્રતિબિંબિત કરતી નથી પરંતુ વૈશ્વિક વેપાર પ્રણાલીમાં લાંબા સમયથી ચાલતી અસમાનતાઓને સંબોધવા માટે ચૂકી ગયેલી તકોને પણ પ્રકાશિત કરે છે.

ખાસ કરીને કૃષિ આ અસંતુલનની ગંભીરતાને પ્રતિબિંબિત કરે છે. વિકસિત દેશો તેમના કૃષિ ક્ષેત્રોને સબસિડી આપવામાં નોંધપાત્ર સુગમતા જાળવી રાખે છે, જેનાથી તેમના ખેડૂતો વૈશ્વિક બજારોમાં સ્પર્ધાત્મક રહી શકે છે. દરમિયાન, વિકાસશીલ દેશો તેમના ખેડૂતોને કયા પ્રકારો અને સ્તરના સમર્થન પૂરા પાડે છે તેમાં પ્રતિબંધોનો સામનો કરે છે. આ અસમાનતા માળખાકીય ગેરફાયદાને કાયમી બનાવે છે, ગ્લોબલ સાઉથમાં લાખો લોકોની આજીવિકાને નબળી પાડે છે અને વૈશ્વિક વેપાર પ્રવાહને વિકૃત કરે છે.

કૃષિ ઉપરાંત, ટેકનોલોજી ટ્રાન્સફર અને ક્ષમતા નિર્માણને સંચાલિત કરતા સમાન માળખાઓની માંગ વધી રહી છે. ઝડપી ટેકનોલોજીકલ પ્રગતિના યુગમાં, જ્ઞાન, નવીનતા અને કૌશલ્યની પહોંચ આર્થિક વિકાસનો મુખ્ય નિર્ણાયક બની ગયો છે. છતાં, હાલના નિયમો ઘણીવાર હાલના વંશવેલોને મજબૂત બનાવે છે, જે વિકાસશીલ દેશોની મૂલ્ય શૃંખલાને ઉપર લઈ જવાની ક્ષમતાને મર્યાદિત કરે છે. વધુ સમાવિષ્ટ અને સંતુલિત વેપાર પ્રણાલી બનાવવા માટે આ અસમાનતાઓને સંબોધવી જરૂરી છે.

સ્પેશિયલ એન્ડ ડિફરન્શિયલ ટ્રીટમેન્ટ (S&DT) પરની ચર્ચા WTO સુધારાની જટિલતાઓને વધુ પ્રકાશિત કરે છે. S&DT મૂળરૂપે ઓછા વિકસિત અને વિકાસશીલ દેશોને બિન-પારસ્પરિક બજાર ઍક્સેસ અને વેપાર પ્રતિબદ્ધતાઓને અમલમાં મૂકવા માટે વધુ સુગમતા પ્રદાન કરવા માટે રચાયેલ હતું, જે હવે એક વિવાદાસ્પદ મુદ્દો બની ગયો છે. કેટલાક વિકસિત દેશો દલીલ કરે છે કે સ્વ-નિર્ણયની વર્તમાન પ્રણાલી પ્રમાણમાં વિકસિત અર્થતંત્રોને ઓછા વિકસિત રાષ્ટ્રો માટે રચાયેલ જોગવાઈઓથી લાભ મેળવવાની મંજૂરી આપે છે. ભારત આ ચિંતાઓને સ્વીકારે છે પરંતુ કુલ આર્થિક કદ જેવા મનસ્વી માપદંડો પર આધારિત સરળ ઉકેલો સામે ચેતવણી આપે છે.

તેના બદલે, વાસ્તવિક વિકાસલક્ષી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે S&DT એક અસરકારક સાધન રહે તેની ખાતરી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ માટે વધુ સૂક્ષ્મ અભિગમની જરૂર છે - જે વિકાસશીલ વિશ્વમાં આર્થિક પરિસ્થિતિઓની વિવિધતાને ઓળખે છે અને તે મુજબ સુગમતા બનાવે છે. આ મુદ્દો એ હકીકત દ્વારા વધુ જટિલ બને છે કે ઘણા વિકસિત દેશો કૃષિ સબસિડી હકદારીના સંદર્ભમાં જેને ક્યારેક રિવર્સ S&DT કહેવામાં આવે છે તેનો લાભ મેળવતા રહે છે.

આખરે, બહુપક્ષીય વેપાર પ્રણાલીનું ભવિષ્ય તેના સભ્યોની સ્પર્ધાત્મક હિતોને ઉકેલવાની અને તેમની સહિયારી સંસ્થાઓમાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવાની ક્ષમતા પર આધાર રાખે છે. પડકારો ભયાવહ છે, પરંતુ હિતોને અવગણવા માટે ખૂબ મહત્વપૂર્ણ છે. નબળું WTO એક ખંડિત વૈશ્વિક અર્થતંત્રનું જોખમ ધરાવે છે, જે એકપક્ષીય અને સત્તા-આધારિત સોદાબાજી પર આધારિત હોઈ શકે છે. તેનાથી વિપરીત, એક સુધારેલ અને પુનર્જીવિત WTO વધુ મજબૂત, સમાવિષ્ટ અને સહકારી વૈશ્વિક વ્યવસ્થા માટે પાયો પૂરો પાડવાની ક્ષમતા ધરાવે છે.

ભારતની વ્યાપક વેપાર વ્યૂહરચના બહુપક્ષીય મંચો પર ભાગીદારીને દ્વિપક્ષીય અને પ્રાદેશિક કરારો સાથે જોડે છે. જેમ જેમ વેપાર નીતિ વધુને વધુ જટિલ બનતી જાય છે - નિયમનકારી ધોરણો, ડિજિટલ શાસન અને સપ્લાય ચેઈન એકીકરણ સહિત - સમાન વિચારધારા ધરાવતા ભાગીદારો વચ્ચે મુક્ત વેપાર કરારો (FTA) મજબૂત આર્થિક એકીકરણ માટે મહત્વપૂર્ણ સાધનો તરીકે ઉભરી આવ્યા છે. જો કે, ચાલુ ચર્ચાઓમાં ભારતની રચનાત્મક ભાગીદારી આ કાર્યની તાકીદ અને જટિલતા બંનેને પ્રતિબિંબિત કરે છે.

સંતુલિત, સમાવેશી અને ભવિષ્ય-કેન્દ્રિત સુધારાઓને સમર્થન આપીને, ભારત ખાતરી કરવાનો પ્રયાસ કરે છે કે WTO ઝડપથી બદલાતી દુનિયામાં સુસંગત રહે - એક સંસ્થા જે ફક્ત વેપારનું સંચાલન કરવા માટે જ નહીં પરંતુ વધુ સમાન વૈશ્વિક આર્થિક ભવિષ્યને આકાર આપવા માટે પણ સક્ષમ છે. સૌથી અગત્યનું, WTO વ્યવસાયોને નિશ્ચિતતા, આગાહી, સમાવેશીતા, સમાનતા અને સરળતા - નિયમો-આધારિત વેપાર પ્રણાલી પ્રદાન કરે છે. (વ્યક્ત કરેલા વિચારો વ્યક્તિગત છે.)

### નિવૃત્ત જજની પુત્રવધૂ ટ્વિશા શર્માના મોતનો મામલો

## "હું ફસાઈ ગઈ છું, તું ન ફસાતી", મૃતક ટ્વિશાની ઈન્સ્ટાગ્રામ ચેટ લીક

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં નિવૃત્ત જજની પુત્રવધૂ ટ્વિશા શર્માના મોતનો મામલો હવે ઉગ્ર બનતો દેખાઈ રહ્યો છે. એક તરફ આ કેસની તપાસ કરવા માટે પોલીસે સ્પેશિયલ તપાસ ટીમ (SIT)ની રચના કરી છે, તો બીજી બાજુ હવે સોશિયલ મીડિયા પર ટ્વિશા અને તેની બહેનપણી મીનાક્ષી વચ્ચે છેલ્લે થયેલી વાતચીતની ઈન્સ્ટાગ્રામ ચેટ લીક થઈ ગઈ છે.

મોતના થોડા સમય પહેલા, ટ્વિશાએ તેની બહેનપણી મીનાક્ષીને પોતાની સમસ્યા જણાવી હતી. આ ચેટમાં ટ્વિશાનું દુઃખ સ્પષ્ટ દેખાય છે. તેણે લખ્યું છે કે, "હું ફસાઈ ગઈ છું યાર, બસ તું ન ફસાતી, હું અત્યારે વધારે વાત કરી શકતી નથી. જ્યારે યોગ્ય સમય આવશે, ત્યારે હું કોલ કરીશ."

ટ્વિશાની વાત સાંભળીને મીનાક્ષીએ જવાબ આપ્યો, "મને તારી ચિંતા થાય છે, ટુકટુક (ટ્વિશાનું નિકનેમ). હું તને પ્રેમ કરું છું, બહુ જ પ્રેમ કરું છું. હું તારી સાથે છું." આ ચેટથી સાબિત થાય છે કે, ડેટિંગ એપ દ્વારા વર્ષ ૨૦૨૪માં મળેલા વકીલ સમર્થ સિંહ સાથે ડિસેમ્બર ૨૦૨૫માં પ્રેમ લગ્ન કર્યા બાદ ટ્વિશા ભારે માનસિક અને શારીરિક તણાવમાંથી પસાર થઈ રહી હતી.

ટ્વિશાને ન્યાય અપાવવા માટે તેના માતા-પિતા અને ભાઈ (જે સેનામાં મેજર છે) નોઈડાથી ભોપાલ આવ્યા છે અને મુખ્યમંત્રી મોહન યાદવના નિવાસની બહાર ધરણા પર બેઠા છે.

પરિવારનું કહેવું છે કે, ટ્વિશાની હત્યા કરવામાં આવી છે અને પ્રભાવશાળી પરિવાર હોવાને કારણે પુરાવા નષ્ટ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. ટ્વિશાના પિતા ટ્વિશાના મૃતદેહનું ફરીથી પોસ્ટમોર્ટમ કરવાની માંગ પર અડગ છે.

આ સ્થિતિ વચ્ચે, ટ્વિશાના પિતાએ મુખ્યમંત્રી નિવાસમાં મુખ્યમંત્રી મોહન યાદવ સાથે મુલાકાત કરી અને પોતાની વ્યથા જણાવી, તેમજ આ કેસમાં હસ્તક્ષેપ કરવાની વિનંતી કરી. કેસની ગંભીરતા અને વધતા ફૈં દબાવને ધ્યાનમાં રાખીને ભોપાલ પોલીસે નિવૃત્ત જજ ગિરિબાલા સિંહ અને તેમના વકીલ પુત્ર સમર્થ સિંહ પર લાગેલા આરોપોની તપાસ માટે ૬ સભ્યોની સ્પેશિયલ તપાસ ટીમ (SIT) બનાવી છે.

ACP રજનીશ કશ્યપના નેતૃત્વમાં બનાવવામાં આવેલી SITમાં એક મહિલા પોલીસ અધિકારી પણ છે. SIT મુખ્યત્વે દહેજ ઉત્પીડન, શારીરિક હિંસા અને ટ્વિશાની મોત પછી પુરાવા નષ્ટ કરવાની કોશિશના આરોપોની ઊંડાણથી તપાસ કરશે.

### ડોનાલ્ડ ટ્રમ્પના એક નિર્ણયે વધારી ભારતની ચિંતા

## ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ફરી ભડકે બળશે?

**ટ્રમ્પ પ્રશાસને રશિયન ઓઈલ પરનું ડિસ્કાઉન્ટ સત્તાવાર રીતે ખતમ કરી દીધું : ભારત માટે આ મોટા ફટકા સમાન**

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયન ક્રૂડ ઓઈલની ખરીદી પર મળતું કામચલાઉ ડિસ્કાઉન્ટ લંબાવવાની સ્પષ્ટ ના પાડી દીધી છે. હોર્મુઝ કટોકટી વચ્ચે લેવાયેલા આ મોટા નિર્ણયથી વૈશ્વિક તેલ બજારમાં હડકંપ મચી ગયો છે. જેના કારણે આગામી દિવસોમાં ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને અન્ય ઈંધણના ભાવ ફરી વધવાની પૂરેપૂરી શક્યતા છે. ક્રૂડ ઓઈલ મોંઘુ થવાથી માત્ર ભારત જ નહીં, પરંતુ આખી દુનિયામાં મોંઘવારી વધવાનો ખતરો ઊભો થયો છે.

હકીકતમાં, પશ્ચિમ એશિયાના સંકટ અને હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ભારત પોતાની ઈંધણની જરૂરિયાત પૂરી કરવા રશિયા પાસેથી સસ્તા ભાવે મોટા પાયે તેલ ખરીદી રહ્યું હતું. પરંતુ હવે ટ્રમ્પ પ્રશાસને રશિયન ઓઈલ પરનું ડિસ્કાઉન્ટ સત્તાવાર રીતે ખતમ કરી દીધું છે. ભારત માટે આ એક બહુ મોટો ફટકો સાબિત થઈ શકે છે કારણ કે હવે સસ્તા તેલની જીવનરેખા કપાઈ ગઈ છે. રશિયા દુનિયાના સૌથી મોટા ક્રૂડ ઓઈલ નિકાસકારોમાંનું એક છે. અમેરિકાના આ પગલાથી ગ્લોબલ માર્કેટમાં તેલના સપ્લાય પર સીધી અસર પડશે. રશિયા-યુક્રેન યુદ્ધ પછી અમેરિકા અને યુરોપે રશિયા પર ઘણા કડક પ્રતિબંધો લગાવ્યા હતા.પરંતુ માર્ચ ૨૦૨૬ માં ઈરાન યુદ્ધ અને હોર્મુઝ નાકાબંધીના કારણે દુનિયાભરમાં તેલની ભારે અછત સર્જાઈ હતી. આ સંકટને પહોંચી વળવા ટ્રમ્પ પ્રશાસને માર્ચ ૨૦૨૬ માં ખાસ છૂટ આપી હતી, જેને પછીથી ૧૬ મે સુધી લંબાવવામાં આવી હતી. (આ છૂટ ફક્ત ટેંકરો પર લોડ થઈ ગયેલા શિપમેન્ટ પૂરતી જ હતી.)

જોકે, યુરોપિયન દેશો સતત આ છૂટનો વિરોધ કરી રહ્યા હતા. તેમનો દાવો હતો કે આ તેલ વેચીને રશિયા પોતાનું યુદ્ધ ફંડ મજબૂત કરી રહ્યું છે. આખરે યુરોપના દબાણ હેઠળ આવીને ટ્રમ્પે શનિવારે આ છૂટ સંપૂર્ણપણે ખતમ કરવાનો નિર્ણય લીધો. પશ્ચિમ એશિયામાં તણાવ વધતા ભારતે માર્ચ ૨૦૨૬ માં રશિયન તેલની આયાત ખૂબ વધારી દીધી હતી.

આંકડાઓ મુજબ, માર્ચ ૨૦૨૬ માં ભારતે દરરોજ લગભગ ૪.૫ મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ મંગાવ્યું હતું, જેમાંથી ૫૦ ટકા સપ્લાય માત્ર રશિયાથી આવ્યો હતો. આ જ સમયે મધ્ય પૂર્વમાંથી આવતો સપ્લાય ૬૧ ટકા જેટલો ઘટી ગયો હતો.

એપ્રિલ ૨૦૨૬ માં પણ રશિયા ભારતનું સૌથી મોટું સપ્લાયર રહ્યું હતું. એપ્રિલમાં ભારતે દરરોજ ૧.૫૭ મિલિયન બેરલ રશિયન તેલ આયાત કર્યું હતું, જોકે આ આંકડો માર્ચ કરતા લગભગ ૨૦ ટકા ઓછો હતો.

સામાન્ય જનતા માટે આ સમાચાર ચિંતાજનક છે. થોડા દિવસો પહેલા જ ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લિટર ૩ રૂપિયા સુધીનો વધારો ઝીંકવામાં આવ્યો હતો, સાથે જ CNG ના ભાવમાં પણ વધારો કરાયો હતો. હવે માર્કેટના નિષ્ણાતોનું માનવું છે કે જો આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ લાંબા સમય સુધી ઊંચા રહેશે, તો દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ફરી એકવાર વધી શકે છે, જે સામાન્ય માણસનું બજેટ ખોરવી નાખશે.

### NEET પેપર લીક મામલામાં ખુલાસો

## સ્પષ્ટ થઈ ગયું છે કે આ પેપર લીક કેટલું ઊંડું અને સુઆયોજિત હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

NEET મહા-કૌભાંડ (NEET-UG 2026) ની તપાસ કરી રહેલી સીબીઆઈ (CBI) ના હાથમાં આજે વધુ એક મોટી સફળતા લાગી છે. પેપર-સેટિંગ કમિટીની ધરપકડ કરાયેલી સભ્ય મનીષા મંઢારેને આજે કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી, જ્યાં આરોપીઓની ચાલાકીને જોતા કોર્ટે સીબીઆઈને પૂરા ૧૪ દિવસની કસ્ટડી સોંપી દીધી છે. કોર્ટ રૂમની અંદર સીબીઆઈએ જે દલીલો કરી, તેનાથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે આ પેપર લીક કેટલું ઊંડું અને સુઆયોજિત હતું.

CBI એ અદાલતને જણાવ્યું કે મનીષા મંઢારે કોઈ સામાન્ય આરોપી નથી. તે બોટની (વનસ્પતિ વિજ્ઞાન) અને ઝૂઓલોજી (પ્રાણી વિજ્ઞાન) ના પ્રશ્નપત્રોના અનુવાદ કરવાની નિષ્ણાત હતી. આ જ કારણે તેની પહોંચ સીધી અસલી પ્રશ્નપત્રો સુધી હતી અને આ બાબતનો ફાયદો ઉઠાવીને તેણે આખી સિસ્ટમ ને છેતરી હતી.

મનીષા મંઢારે આખી રમતમાં એકલી નહોતી. તે પી.વી. કુલકર્ણી અને મનીષા વાઘમારે સાથે મળીને એક ઊંડા ષડયંત્ર હેઠળ કામ કરી રહી હતી. તપાસ એજન્સીએ ખુલાસો કર્યો છે કે મનીષા મંઢારેએ પોતાની પાસે રહેલું અસલી પ્રશ્નપત્ર શુભમ નામના અન્ય એક આરોપીને સોંપી દીધું હતું, જેણે તેને આગળ વહેંચ્યું હતું.

CBI એ કોર્ટ પાસે ૧૪ દિવસની લાંબી કસ્ટડી માંગતા કહ્યું કે, આ સમયે સમગ્ર દેશમાં એક સાથે દરોડા અને તપાસ ચાલી રહી છે. આ નેટવર્ક ઘણું મોટું હોવાથી, મનીષા મંઢારેને તપાસ અને પુરાવા એકત્ર કરવાના સિલસિલામાં દેશના અલગ-અલગ ભાગોમાં લઈ જવી ખૂબ જ જરૂરી છે.

### ભારતીય વાયુસેના માટે ચિંતાનો વિષય

## દેશી રાફેલ અંગે માઠા સમાચાર, ૧૮૦ ફાઈટર જેટની ડિલિવરી અટવાઈ

**જૂન મહિનામાં યોજાનારી આ સંભવિત બેઠકમાં તેજસ માર્ક-1Aની ડિલિવરીની ચોક્કસ તારીખ નક્કી થઈ શકે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત પોતાના ડિફેન્સ સિસ્ટમને સતત અપગ્રેડ કરી રહ્યું છે. ફાઈટર જેટથી લઈને મિસાઈલ અને એર ડિફેન્સ સિસ્ટમના ડેવલપમેન્ટ પાછળ હજારો કરોડ રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. આ બધાની વચ્ચે, ભારતીય વાયુસેનાની ચિંતા વધારતા એક સમાચાર સામે આવ્યા છે. વાયુસેનામાં ફાઈટર સ્ક્વોડ્રનની અછતને પૂરી કરવા માટે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) સાથે ૧૮૦ LCA તેજસ માર્ક-1A (Tejas MK-1A) વિમાનોનો કોન્ટ્રેક્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ હજુ સુધી એકપણ ફાઈટર એરક્રાફ્ટની ડિલિવરી થઈ શકી નથી.

રડારની પરફોર્મન્સ અને કેટલાક અન્ય સિસ્ટમ્સમાં સુધારા કર્યા બાદ, HAL દ્વારા મે મહિનામાં ઈન્ડિયન એરફોર્સ સમક્ષ એક પ્રેઝન્ટેશન રજૂ કરવાનું હતું. રક્ષામંત્રાલયના સત્તાવાર અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ રિવ્યૂ મીટિંગ હવે આવતા મહિના એટલે કે જૂન ૨૦૨૬ સુધી ટળી ગઈ છે. વાયુસેનાના સૂત્રોએ અગાઉ પણ સ્પષ્ટ કર્યું છે કે, દેશની સુરક્ષા સાથે જોડાયેલી નોન-નેગોશિયેબલ ઓપરેશનલ જરૂરિયાતો પર કોઈ જ બાંધછોડ કરવામાં આવશે નહીં.

જૂન મહિનામાં યોજાનારી આ સંભવિત બેઠકમાં તેજસ માર્ક-1Aની ડિલિવરીની ચોક્કસ તારીખ નક્કી થઈ શકે છે. આ બેઠકમાં HAL દ્વારા તેજસની અનિવાર્ય ઓપરેશનલ જરૂરિયાતોનો પ્રગતિ અહેવાલ રજૂ કરાશે. HALના પૂર્વ સીએમડી ડૉ. ડી.કે. સુનીલે અગાઉ જણાવ્યું હતું કે, ૨૧ એરક્રાફ્ટ અત્યારે તૈયાર છે અને તેમનું કેટ-બી એન્જિન સાથે ટેસ્ટિંગ પણ થઈ ચૂક્યું છે.

આ વિમાનોમાં બીવીઆર એર-ટુ-એર મિસાઈલ, લેસર ગાઈડેડ બોમ્બ અને ઈલેક્ટ્રોનિક વોરફેર સિસ્ટમનું ઈન્ટીગ્રેશન થઈ ગયું છે, પરંતુ રડાર પરફોર્મન્સમાં થોડું કામ બાકી હતું, જે મીટિંગ ટળવાનું મુખ્ય કારણ બન્યું છે. તેજસ પ્રોગ્રામ ધીમી ગતિએ ચાલવા પાછળનું એક મુખ્ય કારણ એન્જિનની ડિલિવરીમાં વિલંબ પણ હતું. જોકે, હવે ધીમે-ધીમે એન્જિન મળવાના શરૂ થઈ ગયા છે. વર્ષ ૨૦૨૧માં અમેરિકાની પ્રખ્યાત કંપની જનરલ ઈલેક્ટ્રિક (GE) સાથે આ પ્રોગ્રામ માટે ડીલ થઈ હતી, જે અંતર્ગત ભારતને કુલ 99 'F404 એન્જિન' મળવાના છે. ડિલિવરીમાં થઈ રહેલા આ વિલંબને કારણે વાયુસેના પ્રમુખ પણ અગાઉ નારાજગી વ્યક્ત કરી ચૂક્યા છે.

હાલની સુરક્ષા સ્થિતિ અને પડકારોને જોતાં ભારતીય વાયુસેનાને ૪૨ ફાઈટર સ્ક્વોડ્રનની જરૂરિયાત છે, પરંતુ તેની સામે હાલમાં માત્ર ૨૯ સ્ક્વોડ્રન જ કાર્યરત છે. વાયુસેનામાં અત્યાર સુધી ૪૦ તેજસ વિમાનો સામેલ થઈ ચૂક્યા છે. HAL સાથે પહેલા ૮૩ LCA તેજસ માર્ક-1A વિમાનોની ડીલ થઈ હતી. ત્યારબાદ, અન્ય ૯૭ વધારાના તેજસ માર્ક-1A વિમાનો ખરીદવાની મંજૂરી પણ મળી ચૂકી છે (જેનાથી બીજા ૫ સ્ક્વોડ્રન તૈયાર થશે). તેજસના કુલ ૧૧ સ્ક્વોડ્રનમાંથી ૨ સ્ક્વોડ્રન વાયુસેનામાં સામેલ થઈ ચૂક્યા છે, જ્યારે બાકીના ૯ સ્ક્વોડ્રન ક્યારે સામેલ થશે તેનો મોટો આધાર જૂન મહિનાની આ હાઈ-લેવલ બેઠક પર રહેશે.

ગરવી ગુજરાત




- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### ગુજરાત હવે ટેકનોલોજી, ઈનોવેશન અને નોલેજ આધારિત અર્થતંત્રનું વૈશ્વિક કેન્દ્ર બનશેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ ખાતે 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' અને 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ'નું લોકાર્પણ

## ગુજરાતે આઝાદી સમયથી દેશનું નેતૃત્વ કર્યું છે, તેવી જ રીતે ટેકનોલોજીના ક્ષેત્રે પણ ગુજરાત દેશનું નેતૃત્વ કરશેઃ-કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે અમદાવાદ ખાતે 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' તથા 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે ગુજરાતે આઝાદી સમયથી દેશનું નેતૃત્વ કર્યું છે, તેવી જ રીતે ટેકનોલોજીના ક્ષેત્રે પણ ગુજરાત દેશનું નેતૃત્વ કરશે. તેમણે કહ્યું કે ગુજરાતીઓના ડીએનએમાં ડેવલપમેન્ટ છે. આજે લોકાર્પણ કરાયેલા આ બંને પ્રોજેક્ટથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ગુજરાતને મેન્યુફેક્ચરિંગ હબથી આગળ વધારી વૈશ્વિક સેવા અને ટેકનોલોજી ક્ષેત્રમાં અગ્રેસર રાજ્ય બનાવવાના વિઝનને નવી દિશા આપશે.

તેમણે ગુજરાતને સર્વિસ સેક્ટરમાં ટોપ થ્રીમાં લાવવાની નેમ વ્યક્ત કરતા જણાવ્યું કે ગુજરાતે આર્થિક ગતિવિધિઓ પર વિશેષ ધ્યાન આપ્યું છે. 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' દ્વારા રાજ્યમાં હજારો યુવાનો માટે ઉચ્ચ કૌશલ્ય આધારિત રોજગારીની નવી તકો ઊભી થશે. આ ટેક પાર્કમાં કૃત્રિમ બુદ્ધિમત્તા (AI), રોબોટિક્સ, સેમિકન્ડક્ટર સહિતના અદ્યતન ક્ષેત્રોમાં સંશોધન, નવીનતા અને ટેક્નોલોજી વિકાસને પ્રોત્સાહન આપવામાં આવશે. રાજ્યમાં વૈશ્વિક સ્તરની ટેક્નોલોજી ઈકોસિસ્ટમ વિકસાવવામાં આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ સાબિત થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું કે 'ગણેશ રિયલ એસ્ટેટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ' રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં વ્યાવસાયિકતા અને આધુનિકતા લાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. સંસ્થામાં આધુનિક અર્બન પ્લાનિંગ, ટેક્નોલોજી આધારિત અભ્યાસક્રમો તથા વૈશ્વિક ધોરણોને અનુરૂપ તાલીમ દ્વારા કુશળ માનવસંસાધન તૈયાર કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાત આજે ટેકનોલોજી, ઉદ્યોગ અને આધુનિક માળખાકીય વિકાસના ક્ષેત્રમાં દેશને નવી દિશા આપી રહ્યું છે. આવી વિશિષ્ટ સંસ્થાઓ અને ટેકનોલોજી આધારિત પ્રોજેક્ટ્સ રાજ્યને વૈશ્વિક અર્થતંત્રમાં વધુ મજબૂત સ્થાન અપાવવામાં સહાયક બનશે.

તેમણે કહ્યું કે, વૈષ્ણોદેવી સર્કલ નજીક અમદાવાદ-ગિફ્ટ સિટી-ગાંધીનગર હાઈ ગ્રોથ કોરિડોરમાં આશરે ૬૫ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવી રહેલી આ ટેક સિટીમાં ગ્રેડ-એ ઓફિસ સ્પેસ, રહેણાંક સુવિધાઓ, રિટેલ અને હોસ્પિટાલિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ દ્વારા આશરે ૭૦ હજારથી વધુ ઉચ્ચ કુશળતા



ધરાવતી રોજગારીનું સર્જન થશે.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વ અને કેન્દ્રીય ગૃહ તથા સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાતે વિકાસની રાજનીતિને રાષ્ટ્રીય વિચારધારામાં પરિવર્તિત કરી છે. તેમણે જણાવ્યું કે ગુજરાતે મેન્યુફેક્ચરિંગ, પોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ગ્રીન એનર્જી, ફાર્મા અને રોકાણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. હવે રાજ્ય વિકાસના નવા તબક્કામાં આઈટી, ઈનોવેશન અને ટેકનોલોજી આધારિત અર્થતંત્ર તરફ આગળ વધી રહ્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે 'મિલિયન માઈન્ડ્સ ટેક પાર્ક' ગુજરાતના ટેકનોલોજી આધારિત વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પ્રકલ્પ માત્ર રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ નહીં પરંતુ હાઈસ્કિલ રોજગારી સર્જન અને ડિજિટલ અર્થતંત્રને ગતિ આપનાર કેન્દ્ર બનશે. પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં વિશાળ પ્રમાણમાં રોજગારીનું સર્જન થશે.

તેમણે વધુમાં જણાવ્યું કે ડિજિટલ ઈકોનોમી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમીકન્ડક્ટર, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર અને નોલેજ બેઝ્ડ સર્વિસીસ ક્ષેત્રે ગુજરાત ૨.૦નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. રાજ્ય સરકારની આઈટી પોલિસી તથા જીસીસી પોલિસી તેમજ કેન્દ્ર સરકારની પ્રોત્સાહક નીતિઓના કારણે ગુજરાતમાં આઈ.ટી સેક્ટરમાં ઝડપી વિકાસ થશે.

તેમણે જણાવ્યું કે ગિફ્ટ સિટી આજે વૈશ્વિક નાણાકીય અને ટેકનોલોજી ઈકોસિસ્ટમ તરીકે વિકસી રહ્યું છે, જ્યારે સાણંદ અને ધોલેરા SIR વિસ્તારમાં વિકસતી સેમિકન્ડક્ટર ઈકોસિસ્ટમ ગુજરાતને સેમિકન્ડક્ટર હબ તરીકે સ્થાપિત કરશે. ગિફ્ટ સિટી અને ધોલેરા આગામી સમયમાં ગુજરાતના આર્થિક વિકાસના શક્તિશાળી એન્જિન બનશે.


મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ-ધોલેરા વચ્ચે આશરે રૂ. ૨૦ હજાર કરોડના ખર્ચે નિર્માણ પામનારી દેશની પ્રથમ સેમી હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટને મંજૂરી આપવા બદલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું કે આ પ્રકારનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર દેશ-વિદેશના રોકાણોને આકર્ષવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. અમદાવાદ આજે મેટ્રો, રિવરફ્રન્ટ, એક્સપ્રેસ-વે, આધુનિક શહેરી સુવિધાઓ અને મજબૂત કનેક્ટિવિટી સાથે દેશના સૌથી ઝડપથી વિકસતા શહેરોમાં સ્થાન પામ્યું છે. કોમનવેલ્થ ગેમ્સ માટે વિકસતા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે અમદાવાદ વૈશ્વિક શહેર તરીકે ઉભરી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત મહત્વપૂર્ણ યોગદાન આપશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો અને આ આધુનિક પ્રકલ્પ માટે ગણેશ ગ્રુપના ચેરમેન શ્રી દીપકભાઈ પટેલ તથા એમડી શ્રી શેખરભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં યોજાયેલ પેનલ ડિસ્કશનમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે આવનારો સમય ગુજરાતનો છે અને દેશ-વિદેશમાંથી આવતા રોકાણકારો તથા ઉદ્યોગો માટે ગુજરાત સંપૂર્ણ રીતે તૈયાર છે. તેમણે જણાવ્યું કે ગિફ્ટ સિટી આગામી સમયમાં વૈશ્વિક સ્તરની અનેક મોટી કંપનીઓનું કેન્દ્ર બનવાનું છે. ગુજરાત આજે માત્ર ઔદ્યોગિક વિકાસમાં જ નહીં પરંતુ ટેકનોલોજી, નાણાકીય સેવાઓ અને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ક્ષેત્રે પણ ઝડપથી આગળ વધી રહ્યું છે. આ પ્રસંગે ગણેશ હાઉસિંગ લિમિટેડના ચેરમેન શ્રી દિપકભાઈ પટેલ, મેનેજિંગ ડિરેક્ટર અને ઝઈ શેખર પટેલ, શ્રી અનમોલ પટેલ સહિત ઉદ્યોગપતિઓ, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'કલ્પસર પ્રોજેક્ટ'ને નેધરલેન્ડ્સની ટેક્નોલૉજીની નવી પાંખો મળી

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી 'કલ્પસર યોજના'ને સાકાર કરવાની દિશામાં નોંધપાત્ર પ્રગતિ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના પ્રયાસોથી ગુજરાતની મહત્વાકાંક્ષી કલ્પસર યોજનાને સાકાર કરવાની દિશામાં મહત્વપૂર્ણ પ્રગતિ થઈ છે. નેધરલેન્ડ્સના પ્રવાસ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રવિવારે નેધરલેન્ડ્સના વડાપ્રધાન શ્રી રોબ જેટન સાથે નેધરલેન્ડ્સના વિશ્વપ્રસિદ્ધ ડેમ 'અફસ્લુઈટડિજક' (Afsluitdijk)ની મુલાકાત લીધી હતી. તેમણે આ ડેમમાં ઉપયોગમાં લેવામાં આવેલી ટેક્નોલૉજીને ઉદાહરણરૂપ ગણાવી હતી. ઉલ્લેખનીય છે કે, 'Afsluitdijk' અને ગુજરાતની કલ્પસર યોજના વચ્ચે અઢળક સમાનતાઓ છે.








કલ્પસર યોજના માટે ટેકનિકલ સહયોગને લઈને વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ભારતના જળ શક્તિ મંત્રાલય અને નેધરલેન્ડ્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વૉટર મેનેજમેન્ટ મંત્રાલય વચ્ચે આશયપત્ર (LoI) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. આનાથી યોજનાના અમલીકરણને વધુ વેગ મળશે. અનિયમિત વરસાદ અને દુષ્કાળ જેવી પરિસ્થિતિઓનો લાંબા સમયથી સામનો કરી રહેલા ગુજરાતને સરદાર સરોવર ડેમના નિર્માણથી રાહત તો મળી છે, પરંતુ લાંબા ગાળાની જળ સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કોઈ એક યોજના પર નિર્ભર રહેવું જોખમી બની શકે છે. આ કારણોસર તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ખંભાતના અખાતમાં મહત્વાકાંક્ષી કલ્પસર યોજનાની કલ્પના કરી હતી. જોકે, આ યોજના ટેકનિકલી અત્યંત જટિલ અને પડકારજનક છે.

**શું છે કલ્પસર યોજના?**

કલ્પસર યોજના હેઠળ ખંભાતના અખાતમાં એક વિશાળ ડેમ બાંધીને સમુદ્રને મળતી સાત નદીઓના જળનો ઉપયોગ કરવાની યોજના છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ખંભાતના અખાત પર મીઠા પાણીનું એક વિશાળ જળાશય બનાવવાનું છે. સાથે જ, તેમાં ભરતીથી ઊર્જા ઉત્પાદન, સિંચાઈ અને પરિવહન માળખાના સમકલિત વિકાસનો પણ સમાવેશ થાય છે.

વર્ષ ૨૦૦૪માં તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે કલ્પસર ડેમની રૂપરેખા નિર્ધારિત કરવા માટે ભાવનગર ખાતે દરિયાઈ સર્વેક્ષણનો ઐતિહાસિક પ્રારંભ કરવામાં આવ્યો હતો. જો કે, આ યોજના બહુ જટિલ હોવાના કારણે તેને સાકાર કરવામાં અનેક પ્રકારની મુશ્કેલીઓ આવી રહી છે. આ મુશ્કેલીઓનો સામનો કરવા માટે સરકાર દ્વારા સતત દ્રઢ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. તાજેતરમાં ૩૦ માર્ચ, ૨૦૨૬ના રોજ ગાંધીનગર ખાતે નેધરલેન્ડ્સની રાજદૂત સુશ્રી મારિસા ગેરાર્ડ્સ સાથેની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કલ્પસર યોજનાને લઈને મહત્વપૂર્ણ ચર્ચા કરી હતી. આ દરમિયાન 'ઈન્ડો-ડચ' નિષ્ણાત સમૂહની રચના અને G2G ભાગીદારી અંગે પણ વિચારણા કરવામાં આવી હતી.

**કલ્પસર યોજનાથી મળશે આ લાભો**

કલ્પસર યોજના સાકાર થયા બાદ સૌરાષ્ટ્રના ૯ જિલ્લાના ૪૨ તાલુકાઓમાં અંદાજે ૧૦ લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનો લાભ મળશે. આ યોજના દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનું અંતર ૨૪૦ કિલોમીટરથી ઘટીને ૬૦ કિલોમીટર જેટલું થઈ જશે. એટલું જ નહીં, આ યોજનાથી અંદાજે ૧૫૦૦ મેગાવોટ પવન ઊર્જા અને ૧૦૦૦ મેગાવોટ સૌર ઊર્જા જેવા નવીનીકરણીય ઊર્જાના સ્રોતોનું ઉત્પાદન પણ થશે. સાથે જ પ્રવાસન અને મત્સ્યઉદ્યોગના વિકાસને પણ પ્રોત્સાહન મળશે. કલ્પસર યોજનાને સાકાર કરવા માટે સમયાંતરે વિસ્તૃત અભ્યાસ અહેવાલો તૈયાર કરવામાં આવ્યા છે. દરિયાઈ ક્ષેત્રમાં લાંબો અનુભવ ધરાવતી નેધરલેન્ડ્સની વિશ્વ વિખ્યાત સંસ્થા રોયલ હાસ્કોનિંગે કલ્પસર પ્રોજેક્ટના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ (DPR)માં સૌથી મહત્વપૂર્ણ 'ક્લોઝર મેથડોલોજી'માં ખૂબ જ મહત્વપૂર્ણ કાર્ય કર્યું છે.

**શું છે 'અફસ્લુઈટડિજક'?**

'અફસ્લુઈટડિજક' માત્ર નેધરલેન્ડ્સ જ નહીં પરંતુ વિશ્વની સૌથી પ્રસિદ્ધ એન્જિનિયરિંગ યોજનાઓમાંની એક છે. જળ વ્યવસ્થાપન ક્ષેત્રે તે વિશ્વ માટે ઉત્કૃષ્ટ ઉદાહરણ માનવામાં આવે છે. આશરે ૮૦ વર્ષ પહેલાં તેનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ ૩૨ કિલોમીટર લાંબો બેરિયર ડેમ ઉત્તર સમુદ્રને મીઠા પાણીના તળાવથી અલગ કરે છે. તે નેધરલેન્ડ્સના નીચાણવાળા વિસ્તારોને ગંભીર પૂરથી સુરક્ષિત કરે છે, જે તેને પૂર નિયંત્રણમાં વૈશ્વિક માપદંડ બનાવે છે. તેની સૌથી મહત્વપૂર્ણ વિશેષતા એ છે કે તે સમુદ્રમાંથી ખારા પાણીને રોકે છે, જેથી અંદર મીઠા પાણીનું મોટું જળાશય બને છે. Afsluitdijk પ્રોજેક્ટમાં મીઠા પાણીનો સંગ્રહ, શિપિંગ, પરિવહન જોડાણ અને નવીનીકરણીય ઊર્જા ઉત્પાદનનો સમાવેશ થાય છે.

**વડાપ્રધાનનો દૃઢ સંકલ્પ અને નેધરલેન્ડ્સની ભાગીદારી કરશે કલ્પસર યોજનાને સાકાર**

યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી હંમેશાં દીર્ઘદૃષ્ટિ અને મોટા લક્ષ્યો સાથે લઈને આગળ વધે છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન તેમણે કલ્પસર યોજનાનું સ્વપ્ન જોયું હતું. રાજ્યને જળસંકટની સ્થિતિમાંથી બહાર કાઢીને જળસમૃદ્ધ બનાવવાના સંકલ્પ સાથે તેમણે સરદાર સરોવર જેવી વિરાટ યોજનાને વાસ્તવિકતા બનાવી હતી. દાયકાઓ સુધી રાજકીય અને પર્યાવરણીય અવરોધોનો સામનો કરી રહેલી સરદાર સરોવર યોજનાને સાકાર કરવા માટે તેમણે અડગ ઈચ્છાશક્તિ અને દૃઢ સંકલ્પનો પરિચય આપ્યો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કલ્પસર યોજનાને લઈને શરૂઆતથી આશાવાદી રહ્યા છે. અનેક અડચણો હોવા છતાં તેમણે આ યોજનાને સાકાર કરવાનું સ્વપ્ન જીવંત રાખ્યું છે. જટિલ એન્જિનિયરિંગ અને ટેક્નોલોજીકલ પડકારોને કારણે યોજનામાં વિલંબ થયો હોવા છતાં, તાજેતરના નેધરલેન્ડ્સ પ્રવાસ દરમિયાન વડાપ્રધાનશ્રી દ્વારા 'અફસ્લુઈટડિજક'ની મુલાકાત અને કલ્પસર યોજના માટે ભારત-નેધરલેન્ડ્સ વચ્ચે આશયપત્ર પર હસ્તાક્ષર થવાથી સ્પષ્ટ થાય છે કે વડાપ્રધાન આ યોજનાને લઈને કેટલા ગંભીર અને પ્રતિબદ્ધ છે.

ભારતના વિદેશ મંત્રાલય દ્વારા આપવામાં આવેલા નિવેદન મુજબ આ મુલાકાત બંને દેશોની જળ વ્યવસ્થાપન, જળવાયુ અનુકૂલન અને ટકાઉ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે સાથે મળીને કાર્ય કરવાની સંયુક્ત પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની આ મુલાકાત અને કલ્પસર યોજના માટે આશયપત્ર પર થયેલા હસ્તાક્ષરથી ગુજરાત માટે સુવર્ણ સંભાવનાઓના નવા દ્વાર ખુલ્યા છે. સાથે જ, નેધરલેન્ડ્સ તેના વિશ્વપ્રસિદ્ધ 'અફસ્લુઈટડિજક' પ્રોજેક્ટના ૯૦ વર્ષથી વધુના અનુભવો અને ટેકનિકલ નિપુણતાનો લાભ ભારતને આપશે.

આ સહયોગ ૨૯ માર્ચ, ૨૦૨૨ના રોજ ભારત અને નેધરલેન્ડ્સ વચ્ચે થયેલી 'જળ પર ભારત-ડચ વ્યૂહાત્મક ભાગીદારી' પર આધારિત છે. નેધરલેન્ડ્સ પાસે સમુદ્રમાં ડેમ નિર્માણની ઉચ્ચ કક્ષાની ટેકનિકલ નિપુણતા છે અને હવે ગુજરાતને આ વિશેષતાનો સીધો લાભ મળવા જઈ રહ્યો છે, જે રાજ્યની મહત્વાકાંક્ષી કલ્પસર યોજનાને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

### રેલવે પ્રોટેકશન ફોર્સ, અમદાવાદ મંડળ દ્વારા સરાહનીય કાર્ય

# મહિલા મુસાફરને ખોવાયેલો કિંમતી સામાન પરત આપવામાં આવ્યો તેમજ ગુમ થયેલા બાળકને સુરક્ષિત સંરક્ષણ આપવામાં આવ્યું

પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ માં રેલવે પ્રોટેકશન ફોર્સ (RPF) દ્વારા મુસાફરોની સુરક્ષા અને સહાય માટે સતત સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. આ ક્રમમાં તા. ૧૬ મે ૨૦૨૬ ના રોજ RPF અમદાવાદ મંડળ દ્વારા બે મહત્વપૂર્ણ કેસોમાં તત્પરતા અને માનવીય સંવેદનશીલતાનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરવામાં આવ્યું




● RPF દ્વારા આભૂષણોથી ભરેલુ પર્સ સુરક્ષિત રીતે પરત આપ્યું

પ્રથમ ઘટનામાં રેલ મદદ પર ફરિયાદ પ્રાપ્ત થઈ કે ગાડી નંબર ૨૨૯૬૨ વંદે ભારત એક્સપ્રેસના કોચ નંબર C-8 ની સીટ નંબર ૫૩ પર એક મહિલા મુસાફરનું લેડીઝ પર્સ રહી ગયું હતું. ફરિયાદકર્તાની પત્ની સુરત સ્ટેશન પર ઉતરી ચૂક્યાં હતાં. ફરિયાદ મળતાં જ ASI છગનલાલ અને કોન્સ્ટેબલ સમરપાલે તાત્કાલિક સંબંધિત કોચમાં જઈ તપાસ કરી અને સીટ નંબર ૫૩ પરથી ભૂરા રંગનું લેડીઝ પર્સ મળી આવ્યું હતું. હાજર મુસાફરોની હાજરીમાં પર્સની તપાસ કરતા તેમાં રૂા.૪૩૦૦ રોકડ, એક ડેબિટ કાર્ડ અને સોનાના આભૂષણો મળ્યાં હતાં. ફરિયાદકર્તાની પત્ની શ્રીમતી શ્વેતા સાથે મોબાઈલ પર સંપર્ક કરી પર્સની ઓળખની પુષ્ટિ કરવામાં આવી. બાદમાં ગાડી નંબર ૨૨૯૬૧ વંદે ભારત એક્સપ્રેસ સુરત સ્ટેશન પર સાંજે ૬:૫૦ વાગ્યે પહોંચતાં મુસાફરને તેમનું પર્સ સુરક્ષિત અને યથાવત્ સ્થિતિમાં પરત સોંપવામાં આવ્યું હતું. પર્સમાં કુલ અંદાજે રૂા.૩,૦૧,૩૦૦ કિંમતનો સામાન હતો, જેમાં સોનાનું મંગળસૂત્ર, ચેઈન, કાનની બાલીઓ, અંગૂઠીઓ, બ્રેસલેટ, ઈયરબડ્સ તેમજ રોકડ રકમનો સમાવેશ થતો હતો. મુસાફર તથા તેમના પરિવારજનોએ RPFની તત્પરતા અને ઈમાનદારીની ભરપૂર પ્રશંસા કરી હતી.

● ગુમ થયેલા બાળકને સુરક્ષિત સંરક્ષણ મળ્યું

બીજી ઘટનામાં અમદાવાદ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૪ પર એક ગુમ થયેલા બાળકને સુરક્ષિત સંરક્ષણ આપવામાં આવ્યું. મુંબઈના ડી.બી. માર્ગ પોલીસ સ્ટેશનમાં BNS-૨૦૨૩ ની કલમ ૧૩૭(૨) હેઠળ નોંધાયેલા કેસ સંદર્ભે અમદાવાદ નિરીક્ષક દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે RPF સ્ટાફ દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી. આ દરમિયાન LHC હેતલ સોનીને પ્લેટફોર્મ નંબર ૪ પર મણિનગર તરફ એક બાળક જોવા મળ્યું હતું, જેની ઓળખ માટે મળેલા ફોટા સાથે મેળ ખાતાં તે જ બાળક હોવાનું જાણવા મળ્યું હતું.

માહિતી મળતા જ ડ્યૂટી પર રહેલા સેક્ટર ઈન્ચાર્જ ASI અરુણ સિંહ દ્વારા બાળકને RPF પોસ્ટ અમદાવાદ ખાતે લાવી પૂછપરછ કરવામાં આવી. ત્યારબાદ સંબંધિત કેસના તપાસ અધિકારી PSI ઘનશ્યામ દરેકર, મુંબઈ સાથે સંપર્ક કરવામાં આવ્યો હતો. જરૂરી કાગળપત્રોની કાર્યવાહી પૂર્ણ થયા બાદ બાળકને પ્રયાસ જુવેનાઈલ સહાયતા કેન્દ્ર સોસાયટી, સરસપુરના સુપરિન્ટેન્ડન્ટને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો હતો.

# અસારવા—સાબરમતી 'A' કેબિન વચ્ચે 'વાઈ' કનેક્ટિવિટીનું કમિશનિંગ કાર્ય ને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના અમદાવાદ—હિંમતનગર રેલખંડ પર અસારવા—સાબરમતી 'છ' કેબિન સ્ટેશનો વચ્ચે 'રૂ' કનેક્ટિવિટીનું કમિશનિંગ કાર્ય ના સંબંધમાં ૧૯ મે ૨૦૨૬ ના રોજ નોન-ઈન્ટરલોકિંગ કાર્ય કરવામાં આવશે. આ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશેઃ

આંશિક રદ ટ્રેનો

૧. ટ્રેન નંબર ૬૯૨૪૬ હિંમતનગર—અસારવા મેમુ તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને નરોડા તથા અસારવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૬૯૨૪૩ અસારવા—ચિત્તોડગઢ મેમુ તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ નરોડા થી શોર્ટ ઓરિજિનેટ થશે અને અસારવા તથા નરોડા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૬૯૨૫૨ ખેડબ્રહ્મા—અસારવા મેમુ તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ નરોડા સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે તથા નરોડા અને અસારવા વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રેશેડ્યૂલ ટ્રેન

● ટ્રેન નંબર ૦૧૯૦૬ અસારવા—કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ, તારીખ ૧૯.૦૫.૨૦૨૬ ના રોજ અસારવા સ્ટેશનથી તેના નિર્ધારિત પ્રસ્થાન સમય ૦૮:૫૫ કલાકના બદલે ૧૦:૫૫ કલાકે પ્રસ્થાન કરશે.

મુસાફરોને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રા શરૂ કરે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# પહલગામ દુર્ઘટનામાં ગુજરાતના પતિ પત્નીનું કમકમાટીભર્યું મૃત્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)જમ્મુ

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં એક મોટો અકસ્માત સર્જાયો છે. જ્યારે કાશ્મીરની મુલાકાતે આવેલા ગુજરાતના પ્રવાસીઓને લઈ જતું એક વાહન ખીણમાં પડી ગયું. જેમાં દંપતીનું મોત થયું છે, જ્યારે ડ્રાઈવરને ગંભીર ઈજા થતાં તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે. અકસ્માતની માહિતી મળતાં, પોલીસ અને બચાવ ટીમો ઘટનાસ્થળે પહોંચી અને રાહત અને બચાવ કામગીરી શરૂ કરી હતી. પ્રવાસીઓની ઓળખ કર્યા પછી, તેમના પરિવારોને જાણ કરવામાં આવી છે. પોલીસે મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે શબઘરમાં જમા કરાવ્યા છે. તપાસના આદેશ આપવામાં આવ્યા છે. રવિવાર સાંજ સુધીમાં પરિવારો પહોંચવાની અપેક્ષા છે.


**પશ્ચિમ રેલવે – ભાવનગર ડિવિઝન**

**નોન–ઇન્ટરલોક્ડ લેવલ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ**

**નં. W/118/NIT/E-Tender/2026-27/WA/09 તારીખ : 15/05/2026; ઈ–ટેન્ડર નં. 29-2026-27 થી 30-2026-27; ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ–ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :**

| અનુ. નં. | ઈ–ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 29-2026-27 | ભાવનગર ડિવિઝનઃ DEN (પશ્ચિમ) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ (13 LCs) કાર્ય મંજૂર થયેલ ની સામે ભાવનગર ડિવિઝનઃ DEN (પશ્ચિમ) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ. (24 LCS). | 32351011.87 | 647000.00 |
| 02 | 30-2026-27 | ભાવનગર ડિવિઝન : સિની. DEN (મધ્ય) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ (11 LCs) કાર્ય મંજૂર થયેલ ની સામે ભાવનગર ડિવિઝન સિની. DEN (પશ્ચિમ) અધિકારક્ષેત્ર હેઠળ નોન-ઇન્ટરલોક્ડ લેવલ ક્રોસિંગ પર ગેટ સિગ્નલિંગ માટે રિલે હટ્સની જોગવાઈ. (24 LCS). | 27373890.98 | 547500.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 25/05/2026; **બિડિંગ બંધ થવાની તારીખ:** 08/06/2026; વધુ વિગતો માટે કૃપા કરીને www.ireps.gov.in પર લોગ ઇન કરો.

BVP – 035

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# દેશભક્તિનો નમૂનોઃ વડાપ્રધાનની અપીલને માન આપીને કોન્સ્ટેબલે પોતાની જાન બળદગાડામાં કાઢી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

છત્તીસગઢના નારાયણપુર જીલ્લામાં એક પોલીસ કોન્સટેબલે વડાપ્રધાન મોદીની ઈંધણ બચાવવાની અને કરકસર કરવાની અપીલથી પ્રેરિત થઈને પોતાના લગ્નને ખાસ બનાવી દીધા હતા.કુબેર દેહરી નામના કોન્સટેબલના લગ્ન ૧૨ મે એ થયા હતા. તેની દુલ્હનનું ગામ તેના ગામથી ૩ કિલોમીટર દૂર હતું. પહેલાઆ માટે લક્ઝરી બસ અને કારની વ્યવસ્થા કરવાનું પ્લાનિંગ હતું.

પરંતુ મોદીની અપીલ પછી કુબેરભાઈએ નિર્ણય બદલી નાંખ્યો. તેણે પરંપરાગત વાહનોની જગ્યાએ બળદગાડાનો ઉપયોગ કર્યો અને જાન લઈને દુલ્હનના ગામમાં પહોંચ્યા હતા.ગામના જે પણ લોકો તેમની સાથે જોડાયા હતા તેઓ પણ બળદગાડામાં જ જોડાયા હતા. બળદગાડાઓમા નીકળેલી આ જાનની તસવીરો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ હતી. લોકો આને જૂની પરંપરા અને સંસ્કૃતિથી જોડાયેલુ પગલું માને છે. આને કહેવાય રાષ્ટ્રભક્તિ.

### ગુજરાતમાં ૨૪ કલાકમાં ૫૦૦ કિલો ચાંદી ઝડપાઈ!

# અમદાવાદમાંથી ૧૦૦ કિલો અને રાજકોટમાંથી ૪૦૦ કિલો જથ્થો મળ્યો

### અમદાવાદમાં ગીતા મંદિર બસ સ્ટેશન પરથી એક લક્ઝરી બસમાંથી ૧૦૦ કિલો ચાંદી ઝડપાઈ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

એક તરફ સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચી ગયા છે, ત્યારે ગુજરાતમાંથી એક જ દિવસમાં કુલ ૫૦૦ કિલો ચાંદીનો જથ્થો ઝડપાયો છે. પહેલા રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ૪૦૦ કિલો ચાંદી પકડાઈ છે. તો અમદાવાદમાં ગીતા મંદિર બસ સ્ટેશન પરથી એક લક્ઝરી બસમાંથી ૧૦૦ કિલો ચાંદી ઝડપાઈ છે. ગુજરાતમાં ચાંદીની મોટાપાયે થઈ રહેલી હેરાફેરી સામે આવી છે. અમદાવાદમાં સ્ટેટ GST એ મોટી કાર્યવાહી કરીને ૧૦૦ kg ચાંદીનો જથ્થો પકડી પાડ્યો છે. ગીતામંદિરથી લક્ઝરી બસમાં રાજકોટ જઈ રહેલા એક વ્યક્તિ પાસેથી આ ચાંદીનો જથ્થો મળી આવ્યો છે. પ્રાથમિક તપાસમાં ૮૦ ટકા જથ્થાનું કોઈ બિલ ના હોવાનું સામે આવ્યું છે. ચાંદીના મળી આવેલા જથ્થાનો કોઈએ ક્લેઈમ પણ નથી કર્યો. સ્ટેટ GST એ જથ્થો કબજે લઈને વધુ તપાસ હાથ ધરી છે.

તો બીજી તરફ, રાજકોટ ઈન્ટરનેશનલ હિરાસર એરપોર્ટ પરથી ચાંદીનો શંકાસ્પદ જથ્થો ઝડપાયો છે. અંદાજિત ૧૦ કરોડની કિંમતનો ૪૦૦ કિલો જેટલો ચાંદીનો શંકાસ્પદ જથ્થો શનિવારના રોજ ઝડપાયો હતો. સેન્ટ્રલ આઈબીને ચાંદીની હેરાફેરીની બાતમી મળી હતી. સેન્ટ્રલ આઈબી દ્વારા આ ગુજરાત એટીએસને જાણ કરવામાં આવી હતી. સંયુક્ત ઓપરેશનમાં ૪૦૦ કિલો જેટલો ચાંદીનો શંકાસ્પદ જથ્થો કબજે કરાયો છે. સમગ્ર મામલે સીજીએસટી તેમજ ઈન્કમટેક્સ દ્વારા પણ તપાસ શરૂ કરવામાં આવી શકે છે. ચાંદીનો શંકાસ્પદ જથ્થો શનિવારના રોજ મુંબઈથી રાજકોટ આવી રહેલી એર ઈન્ડિયાના ફ્લાઈટમાં આવ્યો હતો. કાર્ગોમાં આવેલા સામાનની તપાસ દરમિયાન આ ખુલાસો થયો છે.

સમગ્ર મામલે તપાસ ગુજરાત એટીએસ દ્વારા કરવામાં આવી રહી હોવાની માહિતી મળી છે. ચાંદીનો શંકાસ્પદ જથ્થો વારાણસીની પેઢી દ્વારા રાજકોટની પેઢીને મોકલવામાં આવ્યો હતો. ઝડપાયેલ ચાંદીના જથ્થા મામલે પેઢીનું બિલ, મોકલનાર કોણ છે તે સહિતની બાબતો અંગે તપાસ કરવામાં આવી રહી છે. ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓને એટીએસને સોંપવામાં આવ્યા. તો રાજકોટ એરપોર્ટ પરથી ચાંદીના જથ્થા અંગે કોઈ માહિતી મળ્યા બાદ આવકવેરા વિભાગને પણ તપાસમાં જોડવામાં આવશે. વારાણસીથી મુંબઇ અને મુંબઈ થી રાજકોટ ચાંદીનો જથ્થો આવ્યો હતો. વારાણસી(કાશી)ની સનરાઈઝ પેઢીમાંથી ચાંદી મોકલવામાં આવ્યું હોવાની તપાસમાં ખૂલ્યું છે.

રાજકોટના સામાંકાંઠા વિસ્તારના ચાંદીના વેપારીઓનો જથ્થો પહોંચાડવાનો હોવાથી ત્રણ જેટલા વેપારીઓની પૂછપરછ હાથ ધરાઈ છે. કુરિયર સંચાલકની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. ચાંદીનો જથ્થો જોબ વર્ક માટે પહોંચાડવાનો હતો. ત્યારે અગાઉ આવા વ્યવહારો કેટલી વખત થયા, બીલિંગ પ્રોસેસ બરાબર થયા છે કે નહીં તે દિશામાં તપાસ શરૂ કરાઈ છે. ચાંદીના જથ્થાના અસલી માલિક કોણ તે દિશામાં પણ તપાસ શરૂ કરાઈ છે.

### ૨૦૨૭ની વસ્તી ગણતરીમાં પ્રથમ વખત શરૂ કરાયેલી સ્વ-ગણતરી પદ્ધતિથી ઓનલાઈન પોર્ટલ અને મોબાઈલથી માહિતી આપી શકાશે

# જનગણના ૨૦૨૭ અન્વયે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની સ્વ-ગણતરી ઓનલાઈન માધ્યમથી પૂર્ણ કરીને વસ્તી ગણતરી ૨૦૨૭ની સ્વ-ગણતરીનો ઔપચારિક પ્રારંભ કરાવ્યો

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જનગણના ૨૦૨૭ અન્વયે આજથી શરૂ થયેલી સ્વ ગણતરી નો રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો હતો.

તા.૩૧-૦૫-૨૦૨૬ સુધીના નિર્ધારિત ૧૫ દિવસમાં લોકો પોતાની જરૂરી વિગતો જાતે ઓનલાઈન ભરીને આ પ્રક્રિયામાં સહભાગી થઈ શકશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના પરિવારની વિગતો વસ્તી ગણતરી પ્લેટફોર્મ પર ઓનલાઈન ભરીને સ્વ-વસ્તી ગણતરીની ઔપચારિક શરૂઆત કરાવી હતી.



તેમણે રાજ્યના નાગરિકોને પણ આ રાષ્ટ્રીય સ્તરે મહત્વની કવાયતમાં સક્રિયપણે ભાગ લઈને સશક્ત, સમાવિષ્ટ અને વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા પણ અનુરોધ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ વખતે વસ્તી ગણતરી-૨૦૨૭ સંપૂર્ણપણે ડિજિટલ મોડથી પોર્ટલ અને મોબાઈલ આધારિત કરવામાં આવી રહી છે.

સ્વ-ગણતરીની આ પહેલ નાગરિકોને સરળ, સુરક્ષિત અને અનુકૂળ ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડે છે તેના થકી નાગરિકો ગમે ત્યાંથી પોતાની માહિતી ઓનલાઈન સબમિટ કરી શકે છે. નાગરિકો https://se.census.gov.in/ પરથી જરૂરી માર્ગદર્શન દ્વારા તેમની સ્વ-ગણતરી પૂર્ણ કરી શકે છે તેમજ સક્રિય નાગરિક ભાગીદારીથી પોતાની વિગતો ઓનલાઈન ભરીને સમયસર અને સચોટ માહિતી પણ આપી શકે છે.

વસ્તી ગણતરી-૨૦૨૭માં પ્રથમ વખત સ્વ-ગણતરી પદ્ધતિ રજૂ કરવામાં આવી રહી છે.

ગુજરાતમાં આ ગણતરી ૧૭ થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન વેબ પોર્ટલ પર નાગરિકો પોતાની વિગતો પૂરી પાડીને સ્વ ગણતરી માં ભાગ લઈ શકશે . ત્યારબાદ ૧ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન ૧ લાખથી વધુ વસ્તી ગણતરી કાર્યકર્તાઓ દ્વારા હાઉસ લિસ્ટીંગ ઓપરેશન્સ (HLO) હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પોતાની વિગતો સ્વ ગણતરી અંતર્ગત ભરી તે વેળાએ રાજ્યના વસ્તી ગણતરી સંચાલન નિયામક શ્રી સુજલ મયાત્રાએ તેમને સ્મૃતિચિહ્ન અર્પણ કરીને તેમને જનગણના અંગેની પ્રવૃત્તિઓ વિશે માહિતી આપી હતી.

### રાજ્યમાં આજથી સ્વ-વસ્તી ગણતરી પ્રક્રિયા શરૂ

# સી.આર.પાટીલે પરિવાર સાથે ઓનલાઈન નોંધણી કરી

### નાગરિકો હવે મોબાઈલ અથવા કમ્પ્યુટર દ્વારા જાતે જ પરિવારના સભ્યોની વિગતો ઓનલાઈન નોંધાવી શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

દેશવ્યાપી વસ્તી ગણતરી પ્રક્રિયાને વધુ સરળ, પારદર્શક અને ટેકનોલોજી આધારિત બનાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા આજથી નાગરિકોને સ્વયં પોતાની વસ્તી ગણતરી કરવાની સુવિધા શરૂ કરવામાં આવી છે. રાજ્યભરના નાગરિકો હવે ૩૧ મે સુધી ઓનલાઈન માધ્યમથી પોતાના પરિવારની વિગતો નોંધાવી શકશે. આ અભિયાનની શરૂઆતના દિવસે સુરતમાં ખાસ દ્રશ્યો સામે આવ્યા હતા, જ્યાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી અને નવસારીના સાંસદ C. R. Patilએ પોતાના નિવાસસ્થાનેથી પરિવાર સાથે ઓનલાઈન વસ્તી ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી છે. આ પ્રસંગે સુરત મહાનગરપાલિકાના કમિશનર એમ. નાગરાજન તેમજ ડેપ્યુટી કમિશનર નીધિ સીવાચ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ વસ્તી ગણતરી માટે નિયુક્ત અધિકારીઓ અને ટીમ પણ સી.આર.પાટીલના નિવાસસ્થાને પહોંચી હતી અને સમગ્ર પ્રક્રિયાનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

માહિતી મુજબ, નવી વ્યવસ્થા હેઠળ નાગરિકો હવે મોબાઈલ અથવા કમ્પ્યુટર દ્વારા જાતે જ પોતાના પરિવારના સભ્યોની વિગતો ઓનલાઈન નોંધાવી શકે છે. તેમાં પરિવારના સભ્યોના નામ, ઉંમર, શિક્ષણ, વ્યવસાય સહિતની જરૂરી વિગતોનો સમાવેશ કરવામાં આવે છે. આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ લોકોનો સમય બચાવવા સાથે માહિતી વધુ ચોકસાઈથી એકત્રિત કરવાનો છે. કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલએ પરિવાર સાથે ઓનલાઈન પોર્ટલ મારફતે પોતાના પરિવારના તમામ સભ્યોના નામ અને જરૂરી વિગતો નોંધાવી હતી. તેમણે આ પહેલને "ડિજિટલ ઈન્ડિયા" તરફનું વધુ એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. તેમણે નાગરિકોને પણ સમયસર સ્વ-વસ્તી ગણતરી પૂર્ણ કરવાની અપીલ કરી હતી જેથી સરકારને વિકાસલક્ષી યોજનાઓ માટે ચોક્કસ અને અપડેટેડ માહિતી મળી શકે. સુરત મહાનગરપાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ નવી ડિજિટલ પદ્ધતિથી વસ્તી ગણતરી વધુ ઝડપી અને પારદર્શક બનશે. સાથે જ લોકોને ઘરે બેઠા સરળતાથી માહિતી નોંધાવવાની સુવિધા મળતા સરકારી કર્મચારીઓ પરનો ભાર પણ ઘટશે. નાગરિકોને ઓનલાઈન પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવા માટે ખાસ હેલ્પડેસ્ક અને ટીમ પણ તૈયાર રાખવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, દેશમાં પ્રથમવાર આ પ્રકારની સ્વ-વસ્તી ગણતરી પ્રક્રિયાને મોટા પાયે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. સરકારનો પ્રયાસ છે કે વધુમાં વધુ લોકો ડિજિટલ માધ્યમ અપનાવે અને ટેકનોલોજી આધારિત જનગણનાને સફળ બનાવે. હવે રાજ્યભરના નાગરિકો માટે ૩૧ મે સુધીનો સમય આપવામાં આવ્યો છે, જેમાં તેઓ પોતાનું અને પોતાના પરિવારનું ડેટા ઓનલાઈન નોંધાવી શકશે. સરકાર તરફથી લોકોને વહેલી તકે નોંધણી પૂર્ણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## જાણીતી બ્રાન્ડના નામે નકલી પાન મસાલાનો કાળો કારોબારઃ કૉપિરાઈટ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

હાલમાં બજારમાં મળતા પાન મસાલા અને સુપારી જેવા પ્રોડક્ટ્સ ખરીદતી વખતે ગ્રાહકોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. કેમ કે અમદાવાદમાં SOG ક્રાઈમે કરેલી કાર્યવાહીથી સામે આવ્યું છે કે જાણીતી બ્રાન્ડના નામે નકલી પાન મસાલાનું વેચાણ અમદાવાદમાં થઈ રહ્યું હતું. આવા ડુપ્લિકેટ પ્રોડક્ટ્સ સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે, કારણ કે તેમાં નીચી ગુણવત્તાનો અથવા હાનિકારક કાચા માલનો ઉપયોગ થતો હોવાની શક્યતા રહે છે.

અમદાવાદ એસ.ઓ.જી. ક્રાઈમ બ્રાન્ચે કરેલી કાર્યવાહી અંગે વાત કરીએ તો ઓઢવ વિસ્તારમાંથી બનાવટી પાન મસાલા ઉત્પાદન કરતા એક ઈસમને ઝડપી મોટી કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આરોપી પાસેથી પાન મસાલાના નકલી પેકેટો, પેકિંગ મટીરીયલ, મશીનરી સહિત કુલ રૂ. ૩.૩૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

### પરિવારની કૌટુંબિક ભાવના નો આજે "લોપ" કેમ થઈ રહ્યો છે?

# એક સમયે સાથે બેસી જમનારાઓની જિંદગી આજે મોબાઈલે વેરવિખેર કરી નાંખી છે

**૨૧ મી સદીમાં પ્રવેશ કરતાં દેશમાં કોઈ પણ ટેક્નોલોજી મનુષ્યનું અહિત કરવાને ઈરાદે બજારમાં આવતી નથીઃ પણ માણસ તેના ઉપયોગમાં વિવેક રાખે તો પરિણામો ઘાતક આવે છે**

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

એક સમયે દાદા, દાદી, બાપા, બા, ભાઈઓ, બહેનો ઘરમાં સાથે જમતા હતા. કુટુંબ નાનું થયુ ત્યારે પણ કમસે કમ રાતના જમતી વખતે સાથે બેસીને ગપાટા મારતા હતા. સારા માઠા સમાચારની ચર્ચાઓ ચાલતી હતી. કોઈ આવતુ તો તેની સાથે ચા-પાણી થતા. ટૂંકમાં કુટુંબમાં કોઈ સંવાદ હતો. વાતો હતી, હસવા-રડવાનું હતું. એ મોબાઈલ, લેપટોપ કે ઈન્સ્ટાગ્રામ, ફેસબૂક, વોટ્સએપ માં એવું ગુમ થયું કે સંવાદ ઘરમાં ન રહેતા સોશિયલ મીડિયામાં પહોંચી ગયો છે. ઘરમાં વાતો બંધ થઈને બહારની વાતો ઘરમાં આવી. બહારની દુનિયા એવી રીતે ઘરમાં ગોઠવાઈ ગઈ છે કે ઘર ઘરની બહાર થઈ ગયું છે. માણસો યાંત્રિક થઈ ગયા ને ટ્રેજેડી જુઓ યંત્રો માણસ થવા મથે છે. તોય માણસને એ નથી સમજાતું કે માણસમાં જ કૈંક વિશિષ્ઠ છે નહીં તો મશીનો માણસ થવા શું કામ મથે? આજે ભારતમાં મોબાઈલ નો દુરુપયોગ કદાચ સૌથી વધુ થઈ રહ્યો છે અને એનો શિકાર આબાલવૃધ્ધ સૌ છે. એનું પરિણામ એ આવ્યું છે કે સૌ એટલા બીઝી થઈ ગયા છે કે કોઈને સલાહ કે ઠપકો આપી શકાતો નથી. મા-બાપ સંતાનને અભ્યાસ કે અન્ય બાબતે ટોકે તો તે ચૌદમે માળેથી કૂદી પડે છે કે મમ્મીની સાડીનો ફાંસો બનાવી લટકી જાય છે. એથી એવું થયું કે સંતાનને સાધારણ ઠપકો પણ મા-બાપ આપી શકતા નથી. ઠપકો આપવા જતાં બાળક હાથથી જાય તો તે સહન કરવા મા-બાપ તૈયાર નથી. આ પેઢી ગમે એટલી સ્માર્ટ હોય તો પણ તે સહનશીલ નથી. તે આક્રમક હોવાના વહેમમાં ભીરુ (ડરપોક) છે. તે જિંદગીનો સામનો કરવામાં જલ્દીથી હથિયારો હેઠાં મૂકી દે છે ને જિંદગીનો ઉતાવળે અંત લાવી દે છે.

અને આ બધુ યુવા પેઢી પૂરતું સીમિત નથી. પરંતુ વડીલો પણ ઠરીને વિચારતા નથી ને ટ્રેન કે ટ્રક સામે પડતું મૂકે છે. દેવું વધી જતા તે લગ્નેતર સંબંધ ખુલ્લો પડી જતા સંતાનો સાથે જીવંન ટૂંકાવવાના પ્રયત્નો વધી પડયા છે. જરા થોભીને સૌએ વિચારવા જેવું છે કે જીવવું આટલું અઘરું કેમ થઈ ગયુ છે?

એટલે જ રાજ કપૂરના મેરા નામ જોકરનું ગીત યાદ આવે છે કે એ ભાઈ જરા દેખકે ચલ એ દુનિયા એક સર્કસ હૈ!

### ૧૮ મે વિશ્વ મ્યુઝિયમ દિવસઃ

# ગુજરાતની સાંસ્કૃતિક વિરાસતનું નવું શિખરઃ ગાંધીનગરના કોબા ખાતેનું નવનિર્મિત 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ'

ગાંધીનગર અને અમદાવાદની મધ્યમાં કોબા ખાતે આવેલું નવનિર્મિત 'સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ' ભારતની ભવ્ય વિરાસત, આધ્યાત્મિકતા અને જૈન કલા-સંસ્કૃતિનો એક અનમોલ અને અદ્વિતીય ખજાનો છે. શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્રના પવિત્ર સંકુલમાં સ્થિત આ સંગ્રહાલય માત્ર ધાર્મિક દ્રષ્ટિએ જ નહીં, પરંતુ ભારતીય ઈતિહાસ અને સ્થાપત્ય કળાને વૈજ્ઞાનિક અભિગમથી સમજવા માટે પણ અત્યંત મહત્વપૂર્ણ છે.



આ મ્યુઝિયમનું નામ મૌર્ય સામ્રાજ્યના પ્રતાપી શાસક અને સમ્રાટ અશોકના પૌત્ર રાજા સંપ્રતિના નામ પરથી રાખવામાં આવ્યું છે. ઈતિહાસમાં સમ્રાટ સંપ્રતિને "જૈન ધર્મના અશોક" તરીકે આદરપૂર્વક યાદ કરવામાં આવે છે, જેમણે હજારો જિનાલયો અને લાખો મૂર્તિઓનું નિર્માણ કરાવીને ભારતીય શિલ્પકળાને દેશ-વિદેશમાં ગૌરવ અપાવ્યું હતું.

વડાપ્રધાનશ્રીના હસ્તે ભવ્ય લોકાર્પણ અને મુલાકાતનો પ્રારંભ

ભારતના ગૌરવવંતા સાંસ્કૃતિક વારસાને વિશ્વ સમક્ષ પ્રસ્તુત કરીને લોકો આ વારસાથી માહિતગાર થાય એ આશયથી ગત તારીખ ૩૧ માર્ચના રોજ મહાવીર જયંતિના પાવન અવસરે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદહસ્તે આ આધુનિક મ્યુઝિયમનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક પ્રસંગે જૈન સંપ્રદાયના પ્રખર સંત પૂજ્ય શ્રી અજયસાગર સૂરીશ્વરજી મહારાજે વડાપ્રધાનશ્રીને મ્યુઝિયમની વિશિષ્ટ ગેલેરીઓ, દુર્લભ કલાકૃતિઓ અને તેના અજોડ ઐતિહાસિક મહત્વ વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

પરમ પૂજ્ય આચાયશ્રી કૈલાસ સાગર સૂરીશ્વરજી મહારાજની દ્રષ્ટિ અને પ્રેરણાથી આકાર પામેલું આ વૈશ્વિક કક્ષાનું સંગ્રહાલય તા.૨૩ એપ્રિલથી દેશ-વિદેશના પ્રવાસીઓ અને સામાન્ય જનતાની મુલાકાત માટે સત્તાવાર રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું છે.

પ્રાચીન હસ્તપ્રતો અને સ્થાપત્યકળાનો અજોડ જ્ઞાનભંડાર

આ આધુનિક મ્યુઝિયમ વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર કરાયેલી આકર્ષક ગેલેરીઓ ધરાવે છે, જેમાં ૧૦મી થી ૧૫મી સદીના પથ્થર અને ધાતુના અદભુત શિલ્પો સુવ્યવસ્થિત રીતે સાચવવામાં આવ્યા છે.

મ્યુઝિયમનું સૌથી મોટું આકર્ષણ તેનો જ્ઞાનભંડાર છે, જ્યાં તાડપત્ર અને ભોજપત્ર પર લખાયેલી હજારો વર્ષ જૂની દુર્લભ હસ્તપ્રતો, સુવર્ણ અક્ષરોથી અંકિત પવિત્ર ગ્રંથો, પ્રાચીન શિલાલેખો અને કુદરતી રંગોથી બનેલા લઘુચિત્રો નો વિશ્વનો સૌથી મોટો સંગ્રહ ઉપલબ્ધ છે. પ્રશંસનીય બાબત એ છે કે આ પ્રાચીન વારસાને સુરક્ષિત રાખવા માટે અહીં ખૂબ જ આધુનિક સ્તરે ડિજિટાઈઝેશન ની કામગીરી કરવામાં આવી છે.

સંશોધકો અને પ્રવાસીઓ માટે પ્રેરણાકેન્દ્ર

સમ્રાટ સંપ્રતિ મ્યુઝિયમ માત્ર એક જોવાલાયક સ્થળ નથી, પરંતુ પ્રાચીન લિપિ, ભાષાના વિકાસ અને ભારતીય સંસ્કૃતિ પર સંશોધન કરતા વૈશ્વિક સ્કોલર્સ અને વિદ્યાર્થીઓ માટે એક જીવંત રિસર્ચ સેન્ટર છે. સંકુલનું આધ્યાત્મિક, શાંત અને શિસ્તબદ્ધ વાતાવરણ મુલાકાતીઓને એક અનોખી માનસિક શાંતિ પ્રદાન કરે છે.

દર વર્ષે ૧૮ મે ના રોજ ઉજવાતા 'વિશ્વ મ્યુઝિયમ દિવસ' , અંતર્ગત વાત કરવામાં આવે તો વારસાના જતન અને જાગૃતિને આ મ્યુઝિયમ સાચા અર્થમાં સાર્થક કરે છે. ગાંધીનગર જિલ્લાની મુલાકાતે આવતા પ્રવાસીઓ, પત્રકારો અને ઈતિહાસપ્રેમીઓ માટે આ સ્થળ આપણા ભવ્ય ભૂતકાળના મૂળ સાથે જોડાવાનું એક ઉત્તમ માધ્યમ છે. -નેહા તલાવિયા

# જૂનાગઢના સનસનાટી મચાવનાર કેસમાં ખુલાસોઃ પૈસાની લેતીદેતી બાબતે મહિલાની હત્યા પુત્રના મિત્રએ કરી હતી

### ગીરીરાજ વિસ્તારમાં આવેલા ચિત્રકૂટ સોસાયટીમાં રહેણાંક મકાનની અંદરથી ગળું કપાયેલી હાલતમાં લાશ મળી આવી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)જૂનાગઢ

શહેરના ગિરિરાજ વિસ્તારમાં ચિત્રકૂટ સોસાયટીમાં થોડા દિવસ પહેલા થયેલી મહિલાની હત્યાનો ભેદ ઉકેલાયો છે.

મૃતક મહિલાના પુત્રના મિત્રએ જ પૈસાની લેતીદેતી બાબતે હત્યા કર્યાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીને ઝડપીને ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે. ૫૯ વર્ષીય સુનિતા રાયજા નામની મહિલાની ગત ૧૨ મે ૨૦૨૬ મંગળવારના રોજ સાંજના સમયે જુનાગઢ શહેરના ગીરીરાજ વિસ્તારમાં આવેલા ચિત્રકૂટ સોસાયટીમાં રહેણાંક મકાનની અંદરથી ગળું કપાયેલી હાલતમાં લાશ મળી આવી હતી. ત્યારે જુનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ દ્વારા હત્યાના બનાવમાં સંડોવાયેલ મૃતકના પુત્ર અને ફરિયાદી દિલીપ રાયજાના મિત્ર ૩૯ વર્ષીય સુરેશ ઉર્ફે કાનો વાઘવાણી નામના વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક તેમજ આરોપી જુના પાડોશી હોવાનું સામે આવ્યું છે. બનાવ સમયે જુનાગઢ પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા બનાવ સ્થળની વિઝીટ કરવામાં આવી હતી. ત્યારે સ્થળની વિઝીટ દરમિયાન પ્રાથમિક દ્રષ્ટિએ હત્યા કોઈ જાણભેદુ વ્યક્તિ દ્વારા જ કરવામાં આવી હોવાની શંકા ઉદભવી હતી.

કારણકે, મૃતક સુનિતા દ્વારા બનાવ સમયે કોઈ પણ જાતનો પ્રતિકાર કરવામાં આવ્યો હોય તે પ્રકારના પુરાવા નહોતા મળી આવ્યા. બનાવ સંદર્ભે જુનાગઢ શહેરના બી ડીવીઝન પોલીસ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતની જુદી જુદી ટીમો બનાવી તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન બનાવ સ્થળની આજુબાજુમાં આવેલા સીસીટીવી ફૂટેજ મેળવીને તેનું એનાલિસિસ પણ કરવામાં આવ્યું હતું. તો સાથે જ ડ્રોનની મદદથી બનાવવાળા વિસ્તારનો એરિયલ વ્યુમેપ તૈયાર કરી બનાવ વાળા સ્થળ સુધી આવવા તેમજ જવાના કયા કયા રસ્તાઓ છે તે બાબતનો નકશો તૈયાર કરવામાં આવ્યો હતો. તેમજ બનાવ સમયે મૃતકના ઘરની આસપાસ કયા વ્યક્તિઓની અવરજવર હતી તે બાબતે પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત કેટલાક શંકાસ્પદ વ્યક્તિઓની પોલીસ દ્વારા પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન જુનાગઢ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમના પીઆઈ કૃણાલ પટેલ દ્વારા ફરિયાદી દિલીપના મિત્ર સુરેશ કાનાની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. પરંતુ શરૂઆતમાં સુરેશ બનાવ સંદર્ભે કંઈ જાણતો જ ન હોય તે પ્રકારનો ઢોંગ પોલીસ સમક્ષ કર્યો હતો. પરંતુ બાદમાં યુક્તિ પ્રયુક્તિથી સુરેશની પૂછપરછ કરતા તે ભાંગી પડ્યો હતો. તેમજ પોલીસ સમક્ષ કબુલાત આપી હતી કે, તે અગાઉ કાપડ વેચાણના વ્યવસાય સાથે સંકળાયેલો હતો. જોકે ધંધામાં ખોટ જતા તેની આર્થિક સ્થિતિ નબળી બની હતી. તેમજ બાદમાં થોડાક મહિના પૂર્વે તે શેર બજારમાં ફ્યુચર એન્ડ ઓપ્શન્સમાં અંદાજિત પોણા ચાર લાખ જેટલી રકમ હારી ચૂક્યો હતો. જેના કારણે તેને પૈસાની જરૂરિયાત ઊભી થઈ હતી. દરમિયાન ઉછીના પૈસા લેવા માટે તે ૧૨ તારીખના રોજ સુનિતા પાસે ગયો હતો. દરમિયાન સુનિતા દ્વારા દાગીના સહિતની કોઈ કીમતી વસ્તુ હોય તો તેમને સિક્યુરિટી પેટે રાખીને પૈસા આપવાનું જણાવ્યું હતું. જોકે, સુરેશ પાસે સિક્યુરિટી પેટે રાખવા માટે કંઈ ન હોવાથી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી પણ થઈ હતી. દરમિયાન સુરેશ દ્વારા છરી વડે સુનિતા બહેનની હત્યા કરી દેવામાં આવી હતી.

સુનીતા બહેનની હત્યા કર્યા બાદ સુરેશ સુનીતાના પરિવારજનોની આસપાસ જ રહ્યો હતો. સુનીતાની અંતિમવિધિનો સામાન લેવા પણ સુરેશ જ ગયો હતો. અંતિમવિધિ બાદની તમામ વિધિમાં પણ સુરેશ હાજર રહ્યો હતો. દરમિયાન પોલીસ શું કરી રહી છે? પોલીસની કયા પ્રકારની ગતિવિધિ છે તે બાબતે પણ તે ધ્યાન રાખતો હતો.

બનાવના દિવસે સાંજના છ વાગ્યા પૂર્વે સુનીતા અને તેના દીકરા દિલીપે સાંજે સાથે ચા પીધી હતી. તેમજ તે દિવસે કામવાળી ઘરનું કામકાજ કરીને સાંજના ચાર વાગ્યા આસપાસ જતી રહી હતી. આમ, જો મા દીકરાએ બંને સાથે જ ચા પીધી હોય તો કિચનમાં ચા પીધેલી બે રકાબી હોવી જોઈએ. તેની જગ્યાએ ત્રણ રકાબી પોલીસને કિચનમાં જોવા મળી હતી. જેથી પોલીસને શક ગયો હતો કે, નક્કી ઘરમાં ત્રીજી વ્યક્તિએ પણ ચા પીધી હોઈ શકે છે. તેમજ ચા પીનાર વ્યક્તિ નજીકનું અને ઓળખીતું જ હોઈ શકે છે.

પોલીસ દ્વારા જે સીસીટીવી ફૂટેજ મેળવવામાં આવ્યા હતા. તે સીસીટીવી ફૂટેજમાં સુરેશની એક્ટિવિટી ઘરની આસપાસ બનાવ સમયે જોવા મળી હતી. આમ, સુરેશ પોલીસનો સસ્પેક્ટ બન્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક સુનીતા અગાઉ નાનાપાયે વીસીનું કામકાજ કરતી હોવાનું જાણવા મળ્યું હતું.

ત્યારે જુનાગઢ શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા આરોપીને રિમાન્ડની માંગણી અર્થે કોર્ટમાં રજૂ કરવામાં આવશે. તેમજ બનાવ સંદર્ભે વાપરવામાં આવેલ હથિયાર કબજે કરવા સહિતની કામગીરી હાથ ધરવામાં આવશે. આમ જુનાગઢ પોલીસે ગણતરીના દિવસોમાં જ મહિલાની હત્યા કરનાર મૃતક મહિલાના પુત્રના મિત્રની ધરપકડ કરી છે ત્યારે હજુ આ કેસની અંદર કોણ કોણ સંડોવાયેલું છે તે દિશાએ તપાસ હાથ ધરી છે.